કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક:૧૨૦ ● એપ્રિલ ૨૦૧૭




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧













૧. જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના ૧૯૧મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અભિષેક તથા અન્નકૂટ દર્શન. ૨. મોરબી મંદિરના દશાબ્દી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા તથા સભામાં યજમાન પરિવારનું સન્માન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૩. એપ્રોચ (બાપુનગર) મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ્રાસંગિક વિશાળ સભામાં સંતો તથા હરિભક્તો.



# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૨૦

એપ્રિલ-૨૦૧૭

(મૂળ વર્ષ ૪૮)



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Mo. : 9099098969
www.swaminarayan.info
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂ. ૫૦-૦૦ ● છુટક નકલ રૂ. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | કરાંચી | ૦૬ |
| ૦૪. | સુમધુર | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી સુખદ કલ્યાણકારી અમૃતવચનો | ૧૦ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૮ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૩ |

# અસ્મદીયમ્

ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ, તેને પ્રવર્તાવવાને અર્થ થાય છે. અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી. એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એજ મરણ છે. તે જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૃદયમાં અભાવ આવ્યો ત્યારે એ ભક્ત એકાંતિકના ધર્મમાંથી પડ્યો જાણવો. અને તે જો ક્રોધે કરીને પડ્યો હોય તો તેને સર્પનો દેહ આવ્યો જાણવો, અને કામે કરીને પડ્યો હોય તો યક્ષ-રાક્ષસનો અવતાર આવ્યો જાણવો. માટે જે એકાંતિક ધર્મમાંથી પડીને એવા દેહને પામ્યા છે તે જો ધર્મવાળા હોય અથવા તપસ્વી હોય તો પણ તે ધર્મે કરીને તથા તપે કરીને દેવલોકમાં જાય, પણ જેણે ભગવાનનો અને ભગવાનના સંતનો અભાવ લીધો તે તો ભગવાનના ધામને તો નજ પામે. અને વળી જે પંચ મહાપાપે યુક્ત હોય અને તેને જો ભગવાનને ભગવાનના સંતને વિષે અવગુણ ન આવ્યો હોય, તો એના પાપ નાશ થઈ જાય, ને એનો ભગવાનના ધામમાં નિવાસ થાય. માટે પંચ મહાપાપ થકી પણ ભગવાનને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે (વ.ગ.મ. ૪૬)

વ્હાલા ભક્તો આપણે ક્યારેય ભગવાન કે ભગવાનના ભક્તનો અવગુણ ન આવે તેનું ખાસ અનુસંધાન રાખવું. આપણે તો અક્ષર ધામમાંજ જવાનું છે. જેથી શ્રીહરિની એક એક આજ્ઞા શિરોધાર્ય રાખીને જીવન જીવવું. ટુંક સમયમાં અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના અક્ષરભુવનનું સંપૂર્ણ રાજસ્થાનના ગુલાબી બંસીપહાડ પથ્થર તથા મકરાણા માર્બલથી સુંદર અલૌકિક જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ થશે. તા. ૩૧-૫-૧૭ થી તા. ૪-૬-૨૦૧૭ દરમ્યાન શ્રી ઘનશ્યામ મહોત્સવ સમગ્ર ધર્મકુળની નિશ્રામાં રાત્રીના સમયે ધામધૂમથી ઉજવાશે. સમગ્ર સત્સંગને અલૌકિક મહાલાભ લેવા પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૧૭)

| | |
|---|---|
| ૧ | પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ-મહાભિષેક પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો. |
| ૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા અને સાચોદર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર રણમલપુર (મૂળી દેશ તા. હળવદ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૨ | પ.ભ. ઈશ્વરભાઈ હિરજીભાઈ પૂંજાણીને ત્યાં અદાણી શાંતિગ્રામમાં પધરામણી. |
| ૧૩ | શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલ દોલોત્સવ પોતાના વરદ્ હસ્તે ઉજવાયો. |
| ૧૪ થી ૨૮ | અમેરિકા શિકાગોમાં આઈ.એસ.એસ.ઓ. આયોજીત કોન્ફરન્સમાં પધાર્યા. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩૧ | ભુજ-કચ્છ અને અંજાર કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી. |



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૧૭)

| | |
|---|---|
| ૧ | પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો. |
| ૧૩ | કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવ જયંતી ફુલ દોલોત્સવ પોતાના વરદ્ હસ્તે ધામધૂમ પૂર્વક સંપન્ન થયો. |
| ૧૫ થી ૨૨ | શિકાગો અમેરિકા ખાતે આઈ.એસ.એસ.ઓ.ની કોન્ફરન્સમાં પધરામણી. |

# કરાંચી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



રાજકોટના માવાભાઈ કડીયા સત્સંગી બહુ સારા હતા. પરંતુ વ્યવહાર બહુજ દુબળો હતો. એકવાર સંતોનું મંડળ રાજકોટ આવ્યું. ત્યારે માવા ભક્તે સંતોને જમાડવા ઘરે નિમંત્રણ આપ્યું. સંતોએ હા કહી. તે સમયે ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ઘરના દાગીના વાણીયાની દુકાને ગીરો મુકીને રસોઈ કરવા સિધુ લઈ આવ્યા, તેમાંથી સંતોએ રસોઈ કરીને શ્રીહરિને થાળ જમાડ્યો. પછી સંતોની પંગત થઈ. સંતો મહારાજને સંભારીને જમ્યા. સંતોની પૂજા કરી ત્યારે મોટા સંતે સર્વે સંતોને કહ્યું કે ભક્ત બહુ ભાવિક છે પણ તેમનો વ્યવહાર સારો નથી. ઘરેણાં ગિરવે મુકીને સિધુ લાવ્યા છે. હે સંતો ! એક એક માળા ફેરવીને મહારાજને પ્રાર્થના કરો કે માવાભાઈનો વ્યવહાર સારો થાય અને ગિરવે મુકેલાં ઘરેણાં પાછા છોડાવે. બધા સંતોએ મહારાજને પ્રાર્થના કરી.

થોડા સમયમાં કરાંચી બંદરમાં કોન્ટ્રાકટરનું કામ કરતા સત્સંગી રણછોડભાઈ મીસ્ત્રી રાજકોટ આવ્યા અને તેઓ માવજીભાઈ કડીયાને કરાંચી લઈ આવ્યા. બન્ને મળીને વિકસતા કરાંચી બંદર પર ગોડાઉન બનાવવાના કામો રાખતા. તેમાં થોડાજ વર્ષમાં ખૂબજ ધન કમાયા. વળી અંગ્રેજ ગવર્નરના ખૂબજ વફાદાર તરીકે રહીને નામ અને દામ બન્ને કમાયા.

એકવાર રણછોડભાઈ મીસ્ત્રી અને માવાભાઈ કડીયા અમદાવાદ શ્રી નરનારાયણદેવનાં દર્શન કરવા અમદાવાદ આવ્યા. ત્યાં પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ બન્નેની કુશળતા પૂછી ત્યારે આચાર્ય મહારાજશ્રીએ આજ્ઞા કરીકે તમે અંગ્રેજ ગવર્નરને અમારા વતી સંદેશ આપજો કે, જો સારી જમીન આપે તો મોટું મંદિર કરવાની અમારી મહેચ્છા છે.

આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા શિરે ચડાવી કરાંચી આવ્યા અને અંગ્રેજ ગવર્નર સાહેબને રજૂઆત કરી. સાહેબે તુરંત બંદર રોડ પર બહુજ મહત્વની જમીનનો શ્રીનરનારાયણદેવના નામે લેખ કરીને કૃષ્ણાપર્ણ કર્યો.

આચાર્ય મહારાજશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ સંતોને મોકલીને કરાંચીમાં ભવ્ય એક શિખરનું પથ્થરથી નિર્મિત મંદિર કરાવ્યું. તથા કરાંચીમાં સત્સંગીઓને માટે મંદિરને ફરતા આઠસો જેટલા આવાસ બનાવ્યા. રણછોડભાઈ અને માવાભાઈ કડીયાએ પોતાની કમાણીની ઉપજ મંદિરના બાંધકામમાં વાપરી દીધી.

મંદિર તૈયાર થતા પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે પોતાની પાસે જે શ્રીજી મહારાજની પ્રસાદીના વાસણો હતાં તેમાંથી વિસનગરના કંસારાઓ પાસે પંચધાતુની અલૌકિક સુંદર નયન રમ્ય કુંજવિહારી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ બનાવડાવીને સંતો-હરિભક્તો સાથે કરાંચી પધાર્યા.

વિક્રમ સંવત ૧૯૩૯ વૈશાખ સુદ પાંચમ (ઈ.સ. ૧૮૮૩) ના શુભ મંગળ દિવસે વેદોક્ત વિધિસર ધામધૂમથી આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ સ્વહસ્તે પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરી. સાત દિવસનો મહા વિષ્ણુયાગ કર્યો. તેમાં સ્વયં યજ્ઞમાં બેસીને સ્વહસ્તે સમ્પૂર્ણ પ્રતિષ્ઠાની અંગભૂત વિધિ કરી હતી. તે સમયે બહુ મોટો સમૈયો કર્યો હતો. દેશ દેશાન્તરથી સત્સંગીઓ સંતો પધાર્યા હતા. મુખ્ય મંદિરમાં શ્રી કુંજવિહારી હરિકૃષ્ણ મહારાજ, સુખશૈયામાં એક ચક્ષુના સહજાનંદ સ્વામી,

તથા હનુમાનજી ગણપતિજીની ઉભી મૂર્તિયો પધરાવી હતી.

કરાંચી શહેરમાં વસતા હિંદુ ધર્મના તમામ લોકો માટે શ્રી સ્વામિનારાયણ મંદિર આસ્થાનું મહત્વનું કેન્દ્ર બની ગયું. અનેક લોકો શ્રધ્ધા ધરતા થયા અને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત બન્યા.

કરાંચી મંદિરની આર્થિક પ્રગતિમાં ટૂંકાગાળામાં ઉતરોત્તર વધારો થયો અને સંપ્રદાયના તમામ મંદિરો કરતાં કરાંચી આર્થિક રીતે સર્વ શ્રેષ્ઠ બન્યુ. એટલે અન્ય મંદિરોને કરાંચી મંદિરથી આર્થિક સહાયતા-મદદ આપવામાં આવતી.

કરાંચી મંદિરમાં દર વર્ષે વૈશાખ સુદ પાંચમનો ભવ્ય પાટોત્સવ સમૈયો થતો તેમાં જે તે વખતના આચાર્ય મહારાજશ્રી એક મહિનો રોકાતા તથા અમદાવાદ મંદિરના સંતોના મંડળ સેવામાં આચાર્ય મહારાજશ્રી મોકલતા હતા.

ઈ.સ. ૧૯૪૭ માં ભારત પાકિસ્તાનના ભાગલા થતાં પાકિસ્તાન ઈસ્લામ દેશ જાહેર થતાં ત્યાં વસતા હિન્દુઓ સલામતી માટે ભારતમાં પરત આવ્યા અને જે હિંદુઓ મંદિરની પરિસરના આવાસમાં રહેતા હિન્દુ, જૈન, સિંધી, પંજાબી વિગેરે લોકોએ ત્યાંજ રહેવાનું પસંદ કર્યું. કરાંચીના હિન્દુઓના અન્ય મંદિરો પર મુસ્લિમોએ આક્રમણ કરીને કેટલાક તોડી નાખ્યાં તો કેટલાક પર મસ્જીદો બનાવી દીધી અને કેટલાક વિદ્વંશ કરી નાખ્યાં. પરંતુ આપણું મંદિર હાલ પણ સલામત રહ્યું છે.

ઈ.સ. ૧૯૫૨ ના અરસામાં એકવાર આપણા મંદિરની ફરતા હજારો તોફાની ઉગ્રવાદીઓ મંદિરનો કબજો લેવા ઘેરો ઘાલ્યો. હથિયારો લઈને મંદિરમાં રહેતા તમામને બહાર નીકળી જવા હાકલ કરી. તે વખતે દેરીમાંથી કષ્ટભંજન હનુમાનજી બહાર નીકળી વિકરાળ રૂપ ધારણ કરી હાથમાં ગદા ઉંચી કરીને ભયંકર પ્રચંડ અવાજ અને રૌદ્ર રૂપ દેખાડતા આવેલા તમામ લોકો હથિયાર પડતાં મુકીને જીવ મુઠ્ઠીમાં લઈ નાસી ગયા. આ ઘટનાનો સંદેશ આખા પાકિસ્તાનમાં ફેલાઈ ગયો. તે દિવસથી કરાંચીમાં આપણા મંદિર પર કોઈપણ પ્રકારનો કોઈએ હુમલો આજ સુધી નથી કર્યો.

મંદિરની સલામતીની સરકારની જવાબદારી હોવાથી તે વખતના પાકિસ્તન ના મી. ઝીણા સાહેબે મંદિર સરકારને આપીને સામે બદલામાં અમદાવાદના માણેકચોકમાં આવેલ રાણીનો હજીરો આપવાની મોટી ઓફર કરી હતી. પરંતુ તે વખતના આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ચોખ્ખી ના પાડી દીધી. કોઈ ધર્મ સ્થાનને કોઈ સંપત્તિની સાથે સરખાવી શકાય નહીં.

પાકિસ્તાનમાં સંતોને જવા આવવામાં અડચણો આવતી તેથી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તે વખતના મહંત પુરાણી સ્વામી ઘનશ્યામચરણદાસજીએ (ટોકરી સ્વામી) મૂર્તિઓનું ઉત્થાપન કરાવીને



શ્રીકુંજવિહારી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ બાય એર અમદાવાદ લાવ્યા. અને સુખશૈયાની મૂર્તિ ને મુખ્ય મંદિરમાં પધરાવીને પૂજા ચાલું રાખી. તથા હનુમાનજી ગણપતિજીની મૂર્તિયો યથાવત રાખી.

કરાંચી મંદિરની સંપત્તિ સ્થાવર જંગમ એકાઉન્ટ આજે પણ શ્રી નરનારાયણદેવની ગાદીના આચાર્ય મહારાજશ્રીના ખાતે ચાલે છે.

હાલમાં ત્યાં વસતા હિન્દુ ભક્તોની કમિટી બનાવીને મંદિરની સેવાપૂજા - વહિવટ કરવામાં આવે છે. પાકિસ્તાનના કેટલાક વિઝાના નિયમોના કારણે જવા આવવામાં અડચણો આવે છે. પરંતુ આચાર્ય મહારાજશ્રી પ્રતિનિધિને મોકલીને મંદિરની સાર સંભાળ રખાવે છે. ત્યાં રહેતા હિન્દુઓ અવાર-નવાર નાના મોટા ઉત્સવો ઉજવે છે. તેમજ પંચદેવોની મૂર્તિયોની પણ સ્થાપના કરી છે.

# સુમધુર

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



॥ वसन्ततिलकावृत्तम् ॥

श्रीवासुदेवइहभारतजीवलोकक्षेमायनिर्जरऋषिः करुणानिधिस्त्वं ।
आकल्पमाचरतितीव्रतपांसि तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥१॥
श्रीनारदादिमुनिण्डलसेवितांघ्रि निर्नीडगाढदलसंकुलितां विशालाम् ।
अध्यास्यवेदहृदयस्यनिरूपकंतंत्वा नारायणं मुनिवरं बदरीशमीडे ॥२॥
देवांगनागणवसन्तसुगन्धिवातैर्युक्तः सुराधिपतिमोहकगायकौघैः ।
कामोऽपि येन सहसा विजितश्च तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥३॥
यन्मानसंजिततपस्विगणौपिरोषः स्प्रष्टुंकथंचन कदाचनना‍ृपशक्तिम् ।
तं त्वां च बिभ्यतियतान्तरवैरिणोऽन्ये नारायणं मुनिवरं बदरीशमीडे ॥४॥
त्वां पूर्णकामपतिरप्यनुवासर स्वं दैवं च पित्र्यमपिकर्मकरोषिकाले ।
संग्राहयन्नखिलनैष्ठिकवर्णिनस्त्वां नारायणं मुनिवंर बदरीशमीडे ॥५॥
यस्मात्प्रवर्त्तत इहाखिलमसौख्यहेतुः सच्छास्त्रवृन्दमखिलं खलुनैष्ठिकेन्द्रात् ।
यत्कर्मदुष्करममर्त्यगणैश्च तं त्वां नारायणं मुनिवंर बदरीशमीडे ॥६॥
ये ये निवृत्तिमुपयान्तिविरागवेगात्संसारभीति जनितादधिभूमि ते ते ।
यस्याश्रयेणसुखिनोऽत्र भवन्ति तं त्वां नारायणं मुनिवंर बदरीशमीडे ॥७॥
यत्पादपद्मकरन्दसैकलुब्धौ ब्रह्माण्डसौख्यमखिलं हि कदाचिदेव ।
रंकोपिनेच्छन्ति सुखाम्बुधिमेव तं त्वां नारायणं मुनिवंर बदरीशमीडे ॥८॥

॥ इति सत्संगिजीवनस्थ नारायणाष्टकम् ॥

શ્રીમદ્ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રના રચના કરનારા મહામુનિ શતાનંદનો જન્મ ઉત્તર ભારતમાં આવેલ પ્રસિદ્ધ નગરી પાટલીપુત્ર હાલના બિહારમાં આવેલ પટણામાં ચારેય વેદના જ્ઞાતા પવિત્ર બ્રાહ્મણ કુળમાં વિષ્ણુશર્માના ઘરે થયો હતો. પિતા વિષ્ણુ શર્માએ પુત્રના લક્ષણોને જોઈને નામ રાખ્યું છે શતાનંદ. પિતા વિષ્ણુ શર્માએ પાંચ વર્ષના થયેલા શતાનંદને ઉપનયન સંસ્કાર કરાવીને જનોઈ આપીને પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા. પાઠશાળામાં વેદનો અભ્યાસ કર્યો અને વિદ્વાન પંડિતો પાસેથી થોડા જ સમયમાં ધર્મ શાસ્ત્ર, ઈતિહાસ, ભાગવતાદિક પુરાણો અને સમગ્ર શાસ્ત્રોમાં પ્રવિણ થયા. તે સર્વ શાસ્ત્રોનું ચિન્તન મનન કરતાં તેમાંથી પોતાના અતિ પ્રિય એવા શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કન્ધનું વિસ્તારપૂર્વક મનન અધ્યયન કરવાથી પોતાના હૃદયમાં દ્રઢ નિશ્ચય થયો છે કે જેને પણ આવો દુર્લભ મનુષ્યનો દેહ મળે છે તેણે પોતાના આત્માને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ પરમાત્માએ કૃપા કરીને દેવતાઓને પણ દુર્લભ એવો આ મનુષ્ય દેહ આપ્યો છે. આ મનુષ્ય શરીરે કરીને જો પ્રત્યક્ષ પરમાત્માનો સાક્ષાત્કાર થાય તો તેને દિવ્ય એવા ભગવત્તધામની પ્રાપ્તિ થાય છે. અન્યથા તો આ જીવાત્માને ચોર્યાસી લાખ યોનિઓમાં વારંવાર જન્મ મૃત્યુના ફેરામાં ભટકવું પડે છે. આ ભયાનક કળિકાળમાં સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રમાણ સર્વોપરી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી નરનારાયણદેવનો જ એક માત્ર આશ્રય કરીને સંસારના નાશવંત પંચ વિષયોના સુખનો ત્યાગ કરીને તેમના જ સ્વરૂપની ઉપાસના અને ભક્તિ કરવાથી જ આ જીવાત્માને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થશે. આવો મનમાં દ્રઢ નિશ્ચય કરીને માતા પિતાની આજ્ઞા લઈને યાત્રિકોની સાથે યાત્રા કરવા જવાના નિમિત્તે ઘરનો ત્યાગ કરીને પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિને મેળવવા માટે સંસારના સુખ

વૈભવોનો ત્યાગ કરીને એક માત્ર શ્રીહરિને જ પ્રસન્ન કરવાની ઈચ્છાથી વર્ણિના જેવો વેષ ધારણ કરીને બદ્રિનાથ ધામમાં પહોચીને ભગવાન શ્રી નરનારાયણદેવની ઉપાસના ભક્તિ અને આરાધના કરવા લાગ્યા. પવિત્ર પણે ભાગીરથી ગંગામાં સ્નાન કરીને બ્રાહ્મ મુહૂર્તમાં પરમાત્માના અર્ચા સ્વરૂપનું પૂજન અર્ચન કરીને જપનો પ્રારંભ કરીને રાત્રી પર્યન્ત જપ કરતા કરતાં છ માસ વીતી ગયા ત્યારે પ્રબોધિની એકાદશી આવી ત્યારે સદા ઉપવાસી એવા શતાનંદ દિવસે નિરાહાર રહીને રાત્રીના જાગરણ કરતાં પરમાત્માને પ્રાર્થના કરતા હતાં. તેવામાં જ અચાનક કરૂણાના સાગર એવા ભગવાન શ્રીનારાયણ ઋષિએ પોતાના દિવ્ય સ્વરૂપનું અલૌકિક દર્શન આપીને વરદાન માગવા કહ્યું ત્યારે શતાનંદ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને બે હાથ જોડીને બોલ્યા હે પ્રભુ મારે તો આપના સ્વરૂપના ગુણ ગાઈને મારી વાણીને સાર્થક કરવી છે. કારણ કે મને સંસારના કોઈ પણ પદાર્થમાં પ્રીતિ નથી. એક માત્ર તમારા સ્વરૂપમાં જ દ્રઢ પ્રીતિ છે અને તેને અતિ દ્રઢ કરાવનારા તમારા ચરિત્રો અને ગુણોનું ગાન કરનારા ગ્રંથની રચના કરીને જગતના સર્વ જીવને તમારા આશ્રિત કરવાની મનમાં ઈચ્છા છે. કારણ કે જીવ તમારો આશ્રય કરશે તેને તમારા દિવ્ય અલૌકિક તપનું ફળ પ્રાપ્ત થશે. જેથી તે જીવ તમારા સર્વોપરી સ્વરૂપના મહા જ્ઞાનને સમજી શકશે. ત્યારે એ એકાન્તિક તમારો ભક્ત થશે અને સંસારના દુઃખદાયક એવા પંચ વિષયોમાંથી છુટીને તમારા અક્ષરધામને પામશે. શતાનંદની આવી ઈચ્છાને માન આપીને ભગવાન શ્રી નરનારાયણ ઋષિ પ્રસન્ન થઈને બોલ્યા હે શતાનંદ અત્યારે હાલમાં મેં ઉત્તરકોશલ દેશમાં મનુષ્ય દેહ ધારણ કરેલ છે. અને શ્રીહરિ એવા નામથી સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ થઈને વિચરણ કરૂં છું. તમો ત્યાં મારી પાસે આવો અને મારી પાસે રહીને તમારી ગ્રન્થ રચવાની મનોકામના પૂર્ણ કરો. આટલું કહીને ભગવાન અદ્રશ્ય થયા. આ રીતે પ્રસન્ન થયેલા તે ભગવાન શ્રી નરનારાયણદેવની સ્તુતિ પ્રાર્થના કરી તે આ છે.

શ્રી શતાનંદ મુનિ શ્રીમદ્ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રમાં બદ્રિપતિ ભગવાન શ્રી નરનારાયણના આશ્રમમાં બદ્રિનાથધામમાં ભગવાન શ્રી નરનારાયણ દેવના સન્મુખ તપ કરવાથી પ્રસન્ન થયેલાં શ્રી નરનારાયણદેવની સ્તુતિ પ્રાર્થના આ અષ્ટકમાં કરે છે.

श्रीवासुदेवइहभारतजीवलोकक्षेमायनिर्जरऋषिः करुणानिधिस्त्वं ।
आकल्पमाचरतितीव्रतपांसि तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥१॥

હે પ્રભુ સર્વત્ર વ્યાપક સર્વના અન્તર્યામી પણે વાસ કરનારા છો તેથી વાસુદેવ એવા હે ભગવાન કરૂણાના સાગર તમો ભરત ખંડમાં વસતાં જીવપ્રાણી માત્ર અને સર્વ મુમુક્ષુ જનોના કલ્યાણકારી હિત માટે દેવર્ષિના જેવા શ્રી નર અને શ્રી નારાયણ સ્વરૂપે બે રૂપ ધારણ કરીને આ કલ્પ પર્યન્ત સુધી જ્ઞાન વૈરાગ્યાદિ ગુણેયુક્ત તીવ્ર તપ કરો છો. તે મુનિજનોમાં શ્રેષ્ઠ બદ્રીપતિ નારાયણ ઋષિ એવા તમારી હું પ્રાર્થના કરું છું. (૧)

श्रीनारदादिमुनिण्डलसेवितांघ्रि निर्नीडगाढदलसंकुलितां विशालाम् ।
अध्यास्यवेदहृदयस्यनिरूपकंतंत्वा नारायणं मुनिवरं बदरीशमीडे ॥२॥

શ્રીનારદ સનકાદિક કુમારો અને ઉદ્ધવાદિ મુનિઓએ સેવેલાં છે ચરણ કમળ જેમના એવા અને ઘાટીને વિશાળ છાયા વાળી છતાં જેમાં કોઈ પણ પક્ષીઓ પોતાના માળાઓ કરી શક્યા નથી એવી સ્વતંત્ર પાંદડાઓથી યુક્ત વિશાલા નામની બોરડીના વૃક્ષ નીચે બેસીને વેદના હૃદયરૂપ રહસ્યમય અર્થ રૂપ એવી પરા ભક્તિનું નિરૂપણ કરો છો એવા હે નારાયણ ઋષિ હું તમારી સ્તુતિરૂપ પ્રાર્થના કરું છું. (૨)

देवांगनागणवसन्तसुगन्धिवातैर्युक्तः सुराधिपतिमोहकगायकौघैः ।
कामोऽपि येन सहसा विजितश्च तं त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥३॥

ઈન્દ્રાદિક દેવો અને ઋષિમુનિઓને પણ મોહ પમાડે તેવા અપ્સરાઓનો સમૂહ અને વસન્ત ઋતુઓના વાયુઓ મોહક મધુર ગાયન કરનારાઓના સમુદાયે યુક્ત કામદેવને પણ જેમણે તત્કાળ જીતી લીધો છે એવા શ્રી નારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૩)

यन्मानसंजिततपस्विगणौपिरोषः स्प्रष्टुंकथंचन कदाचननाृपशक्तिम् ।
तं त्वां च बिभ्यतियतान्तरवैरिणोऽन्ये नारायणं मुनिवरं बदरीशमीडे ॥४॥

મોટા મોટા તપસ્વીઓના સમુદાયને પણ જીતી લેનારો ક્રોધ પણ તમારા મનને સ્પર્શ પણ કોઈ પ્રકારે ક્યારેય કરી શકવા શક્તિમાન થતો નથી. અન્ય અન્તઃશત્રુઓ તો તમારાથી ભય પામે છે. એવા શ્રી નરનારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૪)

त्वां पूर्णकामपतिरप्यनुवासर स्वं दैवं च पित्र्यमपिकर्मकरोषिकाले ।
संग्राहयन्नखिलनैष्ठिकवर्णिनस्त्वां नारायणं मुनिवरं बदरीशमीडे ॥५॥

પૂર્ણકામ એવા જે અક્ષરમુક્તો તેમના પતિ સ્વામી છો

(અનુ. પેજ નં. ૧૩ ઉપર)

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી સુખદ કલ્યાણકારી અમૃતવચનો



- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી - બાપુનગર)

**અમદાવાદ કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવનો ૧૯૫ મો પાટોત્સવ તા. ૧-૩-૧૭ :** શા. સ્વામી નારાયણમુનિદાસજીની પ્રેરણાથી પ.પૂ. મહારાજશ્રીના હસ્તે યજમાનોને તુલસીના છોડના રોપા તેમજ તુલસીની માળા ભેટ આપવામાં આવ્યા તે નવીન અભિગમને અનુલક્ષીને પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું કે, આ અભિગમ અમને બહુ ગમ્યો. જે તુલસીના છોડ આપવામાં આવ્યા છે એ શ્રી નરનારાયણદેવને ચડાવેલ તુલસીના માંજરમાંથી પ્રાપ્ત થયેલા પ્રસાદીના છોડ છે. માટે તેને જતન કરીને સારી જગ્યાએ રાખશો. નરનારાયણ દેવના દર્શને ક્યારેક ન આવી શકો ત્યારે આ તુલસીના છોડને જોવાથી પણ દેવની સ્મૃતિ થઈ આવશે અને વળી પર્યાવરણની પણ રક્ષા થશે. ફક્ત યજમાનોને નહી, બધાને આપીશું.

હાર આપીએ તે એક દિવસ તાજો રહે, પછી એને ક્યા મૂકવો, તેના વિકલ્પમાં તમને જે તુલસીની માળા આપી તે ગળામાં ન પહેરો તો ક્યાંક ખીટીએ ટીંગાડજો કે ગાડીના દર્પણને પહેરાવશો તો એનેય સત્સંગ થશે. (રમૂજ !). તમે માળા ન ફેરવો ને તમારા ઘરના ફેરવશે તો પણ કલ્યાણ થશે. અમારા નિવાસસ્થાને અમારા પ્રવેશ દ્વારની એક બાજુ તુલસી રોપ્યા હતા. ખૂબજ જતન કર્યું, ખાતર બદલ્યું પરંતુ તુલસી સુકાઈ જતા હતા. પછી ગાદીવાળાએ છોડની જગ્યા બદલી. તુલસી લીલા થઈને વૃધ્ધિ પામ્યા. વિચાર કર્યો આવું કેમ થયું. ત્યારે ખ્યાલ આવ્યો કે પ્રથમ જે તુલસીનું સ્થાન હતું તેની બાજુમાં ચંપલ રખાતા હતા. તુલસી પણ દેવતા છે એટલે એને પવિત્ર જગ્યાએ રાખીએ.

ઘણા ભક્તજનો ઘણા પ્રસંગોએ યજમાનો થતા હોય તો વારંવાર મૂર્તિ ભેટમાં મળે તો એ પણ પ્રશ્ન થાય કે વધારે મૂર્તિઓ ક્યાં રાખવી ? એના માટે અમે થોડા સમય પહેલા મૂર્તિઓનું **Recycling** થાય, જેની પાસે વધારાની મૂર્તિઓ હોય તે મંદિરમાં મૂકી જાય અને જરૂરિયાત વાળા લઈ જાય તેના માટે આજ્ઞા કરેલી. તો એ ટાઈમે ઘણા તો તેઓના માતા-પિતા કે દાદા-દાદીના ફોટાનેય મંદિરમાં મૂકી ગયેલા. આપણા ઘેર ખૂણો રોકે છે તેના કરતા મંદિરવાળા ભલે સાચવે !!!

તમે રૂપિયા ગમે તેટલા આપશો તેનાથી બહુ ફેર પડવાનો નથી. પરંતુ **જેઓ દેવના થઈને કાયમ રહેશે તેની ક્રેડિટ વધી જવાની છે.** જગ્યાના અભાવે ઘણા પાછળ ઉભા છે. બહુ અઘરુ છે. ૫૦% ને તો ઓળખીએ છીએ અમે ! શું સ્વાદ આવતો હશે ? પરંતુ તેઓને ખપ છે. દેવના થયા છે. ઘણા ચોકમાં બેઠા છે. ત્યાં કંઈ એસી નથી મુકેલું પરંતુ **તેઓ દેવના ખોળે બેઠા છે. આ દેવનો ખોળો છે. એની હુંફ છે, એની ઠંડક છે.** ઘનશ્યામ મહારાજના મંદિરનો (અમદાવાદ) જીર્ણોધ્ધાર કર્યો એ નિમિત્તે પાંચ દિવસનો ઉત્સવ કરવો છે. જાહેરાત થઈ ત્યાં ઘણા ઉત્સવ માટે લાખ-લાખ રૂપિયા આપીને યજમાન બનવા લાગ્યા. મહારાજે તમને આપ્યું છે તો લક્ષ્મીનો સદુપયોગ કરો છો એ સારી વાત છે. **પરંતુ રૂપિયા કરતા પણ અમને નિષ્ઠા બહુ ગમે છે. આ દેવની નિષ્ઠા અને આશ્રયનું જેને અતિશે બળ છે તેવા ભક્તજનો ઉપર અમે બહુ રાજી થઈએ છીએ. નિષ્ઠા બહુ અગત્યની છે. પૈસાથી નિષ્ઠા કમાઈ શકાતી નથી. જે ભગવાનના અનંત ગુણ, ઐશ્વર્ય, પ્રતાપનું અનંત શાસ્ત્રોના માધ્યમથી મોટા મોટા કેટલાય નંદ સંતો પણ સંપૂર્ણ પણે વર્ણન કરી શકતા નથી. તેવા આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાનું જ સ્વરૂપ એવા શ્રી નરનારાયણદેવને બાથમાં લઈને પધરાવી આપ્યા છતાં જે લોકો આ દેવને ઓળખી શકતા નથી અને જ્યાં ત્યાં માથા ટેકવતા ફરતા રહે છે તેવા લોકો પર ગુસ્સો નથી આવતો પરંતુ દયા આવે છે.**

તમને સૌને નિષ્ઠા છે જ એટલે તો સવારે અભિષેક સમયે આમ તેમ ભીડમાં સહુને મસાઝ થઈ ગઈ, મઝા આવીને ! હાલમાં તો અહીં અઢી ટકા ભક્તો રહ્યા છે. અભિષેક કર્યા પછી ભીડ ભાડમાં અમને પણ તકલીફ પડે છે.

થોડા ઠુહા અમે પણ ખાધા. કેટલાક ભક્તો તો અમારા ધોતિયા જ ખેંચે છે. ધોતિયા નહિ ટાંટિયા ખેંચે, દહીં-દૂધ તો અમારા ઉપરણા ઉપર પણ પડ્યુ હોય પરંતુ ચરણ સ્પર્શના મહિમાથી ભક્તો નીચા જ નમે, આ તો હસવાની વાત છે, મને એવી ટેવ છે કે હસવાનું કંઈક નીકળતું હોય તો થોડીક રમૂજ કરી લઈએ ! આપણે સૌ ખૂબ ભાગ્યશાળી છીએ કે આપણને આ દેવ મળ્યા છે. હકીકતમાં હું તો એમ માનું છુ કે મારા જેવો ભાગ્યશાળી કોઈ નથી. આ પદ મળ્યું છે. એટલા માટે નહિ. પરંતુ **નરનારાયણદેવના ચરણોમાં માથું મૂકવાનો મોકો મળે છે એટલે હું ભાગ્યશાળી છું. નથી લાગતું તમને, કેવી મઝા આવે છે ! દુનિયા ભૂલી જવાય, દેવના ચરણોમાંથી ઉભા થવાનું મન ન થાય ! આ વાત કરવામાં અત્યારે જ રૂંવાડા ઉભા થઈ ગયા. આવી ફીલીંગ ક્યાંય આવતી નથી અને આ દેવ મળ્યા છે એટલે તો અન્ન, ધન, વસ્ત્ર અને આબરું પણ મળ્યા છે. કંઈ બાકી રાખ્યું છે ? તો પછી શીદને રહીએ કંગાળ ?**

નંદ સંતોની ઝોળીમાં સોનામહોરો હતી ? બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અગાઉ જાગીરો લઈને ફરતા, તેઓને મહારાજ મળ્યા પછી સર્વસ્વનો ઘા (ત્યાગ) કરી દીધો. તેઓની કઈ વિચારધારાની બ્રાન્ડની છાતી હશે ! કેટલું આશ્રયનું બળ હશે ! નહી તો થોડું પણ છૂટતુ નથી ! સૂક્ષ્મ રીતે જુઓ તો ખ્યાલ આવશે, આ નંદ સંતોએ ફક્ત એક એક પદમાં એટલું બધું લખી દીધું છે કે તેને વિચારીને જીવનમાં ઉતારીએ તો ન્યાલ થઈ જવાય ! આપણે માય-કાંગલા નથી. હું દેવનો છુ એ પાવર કાયમ રાખવો, મને તો છે જ, છાતી ઠોકીને કહું છું. ૧૦-૧૫ દિવસે અહીં આવ્યા. કચ્છમાં ગયા, અમેરિકા ગયા, ફરી કચ્છમાં ગયા. અહીં આવીએ ત્યારે એમ થાય કે દેવ માટે બધું થાય છે. અને તાકાત પણ ત્યાંથી જ આવે છે. છેલ્લા શ્વાસ રહેશે ત્યાં સુધી દેવ માટે કાર્ય કરવાનું છે. દેવના થઈને રહેવાનું છે. સર્વે શાસ્ત્રોનો સાર પણ એજ છે. શા. સ્વામી ! (શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી તરફ જોઈને) બીજું કાંઈ આવે છે શાસ્ત્રોમાં ? આ વિદ્વાન સંતો બેઠા, મહંત બેઠા, કોઈપણને જઈને પૂછો, સાર તો એજ આવશે કે દેવના થઈને રહેવાનું છે. બધાએ દર્શન કર્યા, લાભ લીધો, સૌ ભેગા મળીને મહારાજ રાજી થાય એવા કાર્ય કરતા રહીએ.

છપૈયામાં ઘનશ્યામ મહારાજના જન્મ સ્થાનના મંદિરનો ઉત્સવ તા. ૨૫-૧૦-૧૭ થી ૩૦-૧૦-૧૭ દરમિયાન કરવો છે. એ ટાઈમે બજાર પણ બંધ હોય. યાદ કરી રાખજો. છેલ્લે પછી એમ ન થાય કે અમારે તો ચાર ધામ યાત્રાએ જવું છે. **અડસઠ તીરથ ચરણે એમ કહ્યું છે. જન્મસ્થાનનો બહુ મોટો ઉત્સવ થશે. આપણા માટે ગૌરવ લેવા જેવું છે કે જન્મસ્થાન આપણા ભાગે આવ્યું છે. સૌ પ્રથમ નરનારાયણદેવ પધરાવ્યા એ આપણા ભાગે આવ્યા છે. નથી મઝા આવતી !** બહુ તાળીઓ પાડો એટલે અમને બીક લાગે કે ભૂલવા માટે આ તાળીઓ હશે. પરંતુ ના, હું જાણું છું કે તમે જુદી રીતે તાળીઓ પાડો છો.

સત્સંગમાં અમે ક્યારેય રજા લેતા નથી. શરીર છે. ક્યારેક કસર જણાય કે માથુ દુઃખે તો પણ ગોળીઓ ખાઈને ઉભા થઈને આવવું પડે. કોઈ ગામમાં ૩૦ વાર ગયા હોઈ અને એક વાર ન જવાયુ હોય તો ઘણા ત્રીસ વરસ સુધી યાદ રાખે. આ લુણાવાડા ગામમાં (તે ગામના ભક્ત સામે જોઈને) જ અમે ૩૦ વાર જઈ આવ્યા છીએ. આ વખતે અમારા જન્મ દિવસે અમારે હાર નથી પહેરવા. તમારો કોઈનો ટાઈમ નથી લેવો. તમારી ભાવના અને હુંફ છે. એટલે હું હાર પહેરું છું. જો કે હાર પહેરીને હું રાજી થતો નથી. બધા હાર પહેરે તો કામ કોણ કરે ! અમે જે કાર્ય કરીએ છીએ તેમાં કંઈ તીર નથી મારતા, નરનારાયણદેવનું કામ કરવા માટે જ અમારો જન્મ છે. હારતોરાની દુકાન બંધ કરવી છે. વડાપ્રધાને કેસ લેસ ઈન્ડીયા માટે જાહેરાત કરી, કેટલી સફળતા મળશે એ આપણને ખબર નથી. પરંતુ **આપણે બે કામ કરવા જેવા છે. એક નેઈમ લેસ પત્રિકા અને બીજું હાર લેસ સભા ! (નામ વિનાની પત્રિકા અને હાર વિનાની સભા)** પત્રિકામાં અમારું પણ નામ નહિ, ફક્ત દેવું જ નામ. જુની પત્રિકાઓ કાઢજો. તેમાં દેવ સિવાય કોઈનું નામ નહોતુ. અને હકીકતમાં કોઈનું નામ રહેવાનું નથી. અમારી પરંપરાના નામ પણ લોકોને ગોખવા પડે છે.

અગાઉ મંદિરોમાં દાન કરનારની તકતીઓ બહુ લાગતી. પછી દાન કરનારને કે તેના વારસદારોને નામ જ દેખાય, ભગવાન ન દેખાય ! **દિવો કરવાથી જ્યોતના પ્રકાશ સાથે જેમ થોડી કાળી મેશ પણ આવે એમ નામની તકતીથી થોડું માન પણ આવે.** પંખાના પાંખિયામાં પણ નામ લખાતા, હાલમાં નથીને ? (પંખા સામે જોઈને). પંખો ફરે એટલે નામ માથામાં વાગે ! **આનંદાનંદ સ્વામીએ અમદાવાદ, જેતલપુર મંદિરો કર્યા, આવી હવેલી કરી, બ્રહ્માનંદ સ્વામીએ મૂળી, વડતાલ, જૂનાગઢ જેવા મોટા મોટા મંદિરો કર્યો પરંતુ ક્યાંય તકતી નથી લગાવેલી કે આ મંદિર બ્રહ્માનંદ સ્વામીએ કર્યું છે.** આજથી લગભગ ૧૮ વર્ષ પહેલા અમે એક અભિયાન ચલાવેલું. એ સમયે અઢી રૂપિયાની પણ ના, સવા રૂપિયા સુધીની, કેમ બાપા ! (વયોવૃદ્ધ દાદા તરફ જોઈને) હા, એક રૂપિયો ને ચાર આના, સૂર્ય ચન્દ્ર તપે ત્યાં સુધીનું લખાણ, ભંગાર આરસ પર કરેલું હોય, ઠીક છે એ સમયે જે હતું તે પરંતુ પછી અમે અને સંતો ભેગા થયા. નામવાળો આરસ કાઢવાનો વિચાર કર્યો પરંતુ નવો આરસ લાવવાના એટલા એ સમયે રૂપિયા પણ નહોતા. પછી અમે સૂચન કર્યું કે આરસની તકતીને પલટાવી નાખીએ, બહારની સાઈડના ભાગને ઘસી નાંખ્યો અને

નામવાળો ભાગ દિવાલની અંદરની સાઈડ જતો રહ્યો. નામ તો રહે પરંતુ દબાયેલું રહે ! ગુપ્ત સેવા ! અત્યારે ઘણા ગુપ્ત દાન આપે છે ને.... એક હરિભક્ત તરફથી .... **નામ પાછળ જે દોડ્યા છે તેનું નામ ક્યાંય રહેવાનું નથી આ સનાતન સત્ય છે.** માટે નામના પાટિયા તો દેવના જ હોવા જોઈએ.

આગામી અમારા જન્મ દિવસે હુમન રાઈટ (માનવ અધિકાર) તરીકે અમે નક્કી કર્યું છે કે **નરનારાયણદેવનું દર્શન કરીને ચાલતા જેતલપુર રેવતી બળદેવજીનું દર્શન કરવા જવું છે.** અને અને અને સાંભળો તે પણ શેના માટે ? એ દિવસે પૈસા નથી જોતા પરંતુ નાના કાઉન્ટર ૨૫ રૂા., ૫૦ રૂા. ભેગા કરીને **અનાથ છોકરાઓ માટે એક અનાથાશ્રમ પસંદ કરીને ત્યાં જે બાથરૂમ, પલંગ વગેરે જરૂરિયાત હોય તે તમારા સૌના પૈસામાંથી સુવિધા કરી આપવી છે. દેવનું દર્શન થશે, માનવતાનું કાર્ય થશે અને કસરત પણ થશે.** સંપ્રદાયમાં મહારાજે શિક્ષાપત્રી લખી એ પહેલા મહારાજના કાર્યો જુઓ. કૂવા ગળાવ્યા, વાવ ગળાવી, અન્નક્ષેત્રો કર્યા, માળા કરવાનું તો પછી કર્યું છે કૂવા કેમ કર્યા ? મહારાજને કે નંદ સંતો ને પાણી નહોતુ મળતું ? હરિભક્તોને ખાવાનું નહોતું મળતું ? સંપ્રદાય માટે નહી પરંતુ કોકનું સારું થાય, પાયાની જરૂરિયાત પહોંચે તેવી માનવતાના નાતે મહારાજે આવા કાર્યો કરેલા. આપણે જાહોજલાલીમાં ન જતા રહીએ અને જરૂરિયાત વાળા સુધી સેવા પહોંચે એ બહુ અગત્યનું છે. અને એ માટે રૂા. ૫, ૧૦ કે ૫૦ લાખ વાળાની જરૂર નથી. દેવ બેઠા છે. આ બધા નિષ્ઠાવાળા હરિભક્તો.... એક એકના ખિસ્સા ખાલી કરાવી દઈએ...... હકથી..... પ્રેમથી પરંતુ ના, દરેકને મમત્વ થાય, દર્શનનો મહિમા સમજાય ને વળી ભેગા મળી માનવતાનું કાર્ય થાય અને એ રીતે મૂળભૂત સિદ્ધાંત સચવાઈને રહે. આ કરીએ ને તે કરીએ એમ બહુ દોડા દોડ કરવામાં શેના માટે આવ્યા તે તો ભૂલી જવાય છે.

ચાલું દિવસ છે. ટાઈમ ઘણો થયો છે. મહંત સ્વામી અન્નકૂટની આરતી માટે ઉતાવળા થતા લાગે છે. સ્વામી ! તમારો અંગુઠો કદાચ દુઃખતો હશે, બાકી મહારાજ અમારા છે ! તમારા અંગુઠા માટે આજે સવારે જ અમે મહારાજને પ્રાર્થના કરી કે અમારા મહંતનો અંગુઠો દુઃખતો મટાડી દેજો. આ સંતો અમારી મોટી મૂડી છે. કામ કરવું સહેલું નથી. પરિવારની ભાવનાથી લાગણીથી સંપ્રદાય ચાલે છે. **વધુ નહી કહેતા દેવનો આ ઉંબરો અને આ દેવ..... એટલી જ વાતની જો કારણ શરીરમાં ગાંઠ વળી જાય તો પાટોત્સવ સાર્થક છે.** હેત અને પ્રેમ સાથે સહુ ૪૫ વર્ષથી મને સહન કરતા આવ્યા છો, થોડા વર્ષ વધારે સહન કરો પછી આ લાલજી મહારાજને સોંપી દઈએ. અંતમાં સંપ્રદાયની ઉન્નતિ માટે તેમજ યજમાનો સહિત સર્વેનું શુભ મંગળ થાય તેવી પ્રાર્થના સહ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**કાંકરિયા મંદિર બ્રહ્મચોર્યાશી એવમ્ પાટોત્સવ તા. ૩-૩-૧૭ :** પ્રાસંગિક સભામાં બપોરના ૧૨-૩૦ નો ટાઈમ થઈ ગયેલો તેને અનુલક્ષીને પ.પૂ. મહારાજશ્રી બોલ્યા કે ૧૨ વાગ્યા પછી બોલવું એ બ્રહ્મહત્યા જેવું ગણાય! અમારે બહુ બ્રહ્મહત્યા તરફ જવું નથી. કહેવાનું એ છે કે **સત્સંગમાં બહુ વ્યવહાર ન લાવીએ પરંતુ વ્યવહારમાં સત્સંગ લાવીએ.** મહારાજનો એવો સ્વભાવ છે કે જ્યાં ભક્તોમાં અતિશય ભાવ પ્રેમ જુએ છે ત્યાં દોડીને જાય છે. જે મહારાજની પાછળ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા નંદ સંતો ફરતા એટલું જ નહિ, મહારાજની દ્રષ્ટિની એક ઝલક માટે તરસતા તે મહારાજ સગરામ ભક્તના એક નાનકડા કૂબામાં જઈને સંતાયા - રહ્યા એટલે મહારાજને પ્રસન્ન કરવા માટે મોટા મોટા બંગલા કે ગાડી કે દુકાનો કારણભૂત નથી. સગરામ કોઈ શાસ્ત્રો ભણ્યો નહોતો, કેટલા વેદ છે એ પણ કદાચ તેને ખબર નહી હોય, સહી કરતા તો શું પણ સરખો અંગુઠો મારતા પણ કદાચ આવડતું નહી હોય, છતાં મહારાજ તેના કૂબામાં રાત રહ્યા, સંતોને ત્યાં શોધવા જવું પડ્યું ! શબરી તથા રામચંદ્ર ભગવાનનો પ્રસંગ તેમજ તેવા બીજા ઘણા ઈતિહાસો આપણે જાણીએ છીએ અને વળી બહુ ભાષણ કરવાથી પણ કોઈને સત્સંગ કરાવી શકાતો નથી, હા, વાતાવરણની અસર જરૂર થાય છે. મંદિરની આવી સભામાં કોઈ આવીને બેસે અને કાંકરિયાની પાળે પુરી પકોડીની લારી પાસે જઈને કોઈ બેસે તો બન્નેના વિચારોમાં જરૂર ફેર પડે. વધુ નહી તો બે ટકા તો અસર થાય જ. એટલે વાતાવરણની સાથે સાથે આચરણ બહુ અગત્યનું છે. હનુમાનજીના આગામી ઉત્સવમાં કાલુપુર મંદિરથી આ મંદિર સુધી પદયાત્રા કરવી છે. જેને જોડાવું હોય તે જોડાઈ શકે છે. મુંબઈ એકવાર ૨૪ મા માળે જવાનું હતું. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી) અમારી સાથે હતા. અમે પગથિયા ચડીને પહોંચ્યા અને પી.પી. સ્વામી એક માળ ચડીને પછી લીફટનો ઉપયોગ કરીને અમારી સાથે પહોંચીને હાંફતા હોય એવો દેખાવ કરવા લાગ્યા. આ વખતે ચાલવામાં પી.પી. સ્વામીને (તેઓશ્રીની તરફ જોઈને રમૂજ કરતા) આગળ કરવા છે. જોઈએ કોણ કેટલું ચાલી શકે છે ! શરીર સારુ રાખવું એ બહુ જરૂરી છે. અંતમાં સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**એપ્રોચ (બાપુનગર) મંદિર પાટોત્સવ એવમ્ બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા તા. ૫-૩-૧૭ :** કેમેરા તથા કેમેરામેન પ.પૂ. મહારાજશ્રીની સામે હતા. તેના અનુલક્ષમાં પ.પૂ. મહારાજશ્રી બોલ્યા કે, જરા સાઈડમાં કરી દો. આ ભૂંગળાને તો રોજ જોઈએ છીએ. પરંતુ આ હરિભક્તોના દર્શન ક્યાંથી થાય ! ઠીક છે. તેઓની આ ડ્યુટી

છે. પરંતુ અવરોધ ન થાય તેમ. બહેનોના મંદિરમાં મહારાજ બિરાજમાન થયા. હકીકતમાં બહેનો માટે તો આ કાર્ય પહેલા થવું જોઈએ. કારણ કે બહેનો ઘરકામની તમામ જવાબદારી નિભાવ્યા પછી પણ પુરુષો કરતા પણ વિશેષ સંખ્યામાં ભજન ભક્તિ કરતા હોય છે. જો કે અહીં બહેનો માટે અલાયદુ મંદિર હતું જ પરંતુ સત્સંગની પ્રગતિના પંથે જરૂરિયાતને પહોંચી વળવા અહીં જ રિનોવેશન કરીને સુંદર કાર્ય થયું છે. મંદિરનો ખૂબ ઉપયોગ કરજો. બાજુમાં ભોજનશાળાનો હોલ બનાવ્યો છે ! હા, ભોજન નહી, પ્રસાદ, ઘણાં તો પ્રસાદીયા ભગત હોય છે. પ્રસાદ પેટમાં જશે તો ક્યારેક ઉગશે. બે સાકરીયા ગયા હશે તો પણ ઉગશે. મહારાજે ખૂબ જમાડ્યા છે. બધાને !

જૂના જમાનામાં મંદિરમાં આરતી થાય એટલે નગારા તથા ઝાલર વાગે, બાળકોને બહુ મઝા આવે. વગાડવા માટે વારા કરે. વગાડવાના સુખ માટે પણ મંદિરે આવે. હાલમાં હવે આરતી માટે ઈલેક્ટ્રોનિક નગારા આવી ગયા. ઓટો મેટીક વાગ્યા કરે. આરતીની પણ કેસેટ વાગતી હોય. સાથે ભક્તજનો આરતી બોલે પણ તે બહુ સંભળાય નહી. અમારા વ્યક્તિગત અભિપ્રાય પ્રમાણે જ્યાં દર્શનાર્થીઓની સંખ્યા બહુ ન હોય, પૂજારી એકલા આરતી ઉતારતા હોય તેવા મંદિરો માટે બધું ઈલેક્ટ્રોનિકથી થતું હોય તે બરાબર છે. પરંતુ જ્યાં હરિભક્તોની ભીડ હોય ત્યાં ભક્તજનો જાતે આરતી બોલે એ શ્રેષ્ઠ સેવારીતિ છે. નાના બાળકો પણ જેવી આવડે તેવી આરતી બોલે તો કેટલું સારુ લાગે. **અને હકીકતમાં આ આરતી ઉપર તો એક વરસ સુધી કથા થઈ શકે તેવો મહિમા મુક્તાનંદ સ્વામીએ મૂક્યો છે કેમ સ્વામી !** (પૂ. નિર્ગુણદાસજી સ્વામી સામે જોઈને). હકીકતમાં આ પંખા વગેરે ઈલેક્ટ્રીસીટીનો જેટલો મહત્તમ ઉપયોગ થાય તેટલી આપણી એનર્જી ખેંચાઈ જાય છે !

પોતાના હસ્તકમળમાં મોબાઈલ દેખાડીને પ.પૂ.મહારાજશ્રી બોલ્યા કે જ્યારથી આ મોબાઈલનું ડબલું આવ્યું છે ત્યારથી માણસની મોકળાશ હણાઈ ગઈ છે. ઘણાં તો તેમાં જ રચ્યા પચ્યા રહે છે. હજુ હમણાં જ અમેરિકાથી એક સજ્જનનો એસ.એમ.એસ. આવ્યો કે સ્વામિનારાયણ ભગવાન ઉપર પી.એચ.ડી. કરવા ભારત આવવું છે. હરિદ્વારમાં ઉતારા માટે ભલામણ કરવા વિનંતી. **આ ભાઈ ભગવાન શોધવા અમેરિકાથી છેક ભારત આવી રહ્યા છે અને આપણે અહીં સ્કુટરની એક કીક મારો એટલે નજીકના આપણા મંદિરમાં જ પ્રત્યક્ષ ભગવાન મળી જાય !** હવે તો કથાઓ પણ આગળ પોથીને બદલે આઈપેડરાખીને થવા લાગી છે. મહારાજ કહે, અમારી વાણી એ અમારું સ્વરૂપ છે. એટલે આપણે શાસ્ત્રોનું પૂજન કરીએ છીએ. આ ઈલેક્ટ્રોનિક ઉપકરણને બહુ કંકુ-ચોખા લગાવો તો બંધ પડી જાય ! **ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોનો જરૂર પૂરતો વિવેકથી મર્યાદિત ઉપયોગ કરીએ અને મહારાજે સ્વીકારેલી વૈષ્ણવ સેવા રીતિ જાળવી રાખીએ એ બહુ અગત્યનું છે.** દીકરી-દીકરીઓ માટે પણ સહુ વારસામાં સ્થાવર-જંગમ મિલક્તોનું વીલ કરે છે પરંતુ કોઈએ પોતાના સંતાનો માટે ભગવાનનું વીલ કર્યું એવું ક્યાંય સાંભળ્યું ? સંતાનો માટે લાંબો વિચાર કરીને વારસામાં ભગવાન આપજો, સંસ્કાર આપજો અને એ પ્રાપ્તિ અહીં મંદિરમાં જ થશે.

અનુ. પેજ નં. ૯ નું ચાલુ

એવા તમો સમગ્ર નૈષ્ઠિક બ્રહ્મચારીઓને પોતાના આચરણથી તે પ્રમાણે શિક્ષણ આપવા માટે સમયે સમયે વર્ણાશ્રમોચિત પોતાનું દૈવ સંબંધી ને પિતૃસંબંધી કર્મ કરો છો. એવા હે શ્રી નારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૫)

यस्मात्प्रवर्त्तत इहाखिलमसौख्यहेतुः सच्छास्त्रवृन्दमखिलं खलुनैष्ठिकेन्द्रात् ।
यत्कर्मदुष्करममर्त्यगणैश्च तं त्वां नारायणं मुनिवंर बदरीशमीडे ॥६॥

નૈષ્ઠિક વર્ણિઓમાં શ્રેષ્ઠ એવા તમારાથી જ સમસ્ત જીવપ્રાણી માત્રના સુખરૂપ એવા વેદાદિ સત્છાસ્ત્રોનો સમુદાય આપના દ્વારા જ જગતમાં પ્રવર્તેલ છે. અને તમારૂ તપશ્ચર્યાદિ કર્મ દેવતાઓથી પણ ન થઈ શકે તેવું દુષ્કર છે. એવા હે શ્રી નારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૬)

ये ये निवृत्तिमुपयान्तिविरागवेगात्संसारभीति जनितादधिभूमि ते ते ।
यस्याश्रयेणसुखिनोऽत्र भवन्ति तं त्वां नारायणं मुनिवंर बदरीशमीडे ॥७॥

સંસારના જન્મ મૃત્યુના ભયથી ઉત્પન્ન થયેલા વૈરાગ્ય વાળા પુરુષો નિવૃત્તિ માર્ગને અનુસરે છે. તેમને આપ એકના જ આશ્રયથી આ લોક અને પરલોકના સુખની પ્રાપ્તિ થાય છે. તેથી આપ જ નિવૃત્તિ માર્ગ વાળા ત્યાગીઓને આશ્રય કરવા યોગ્ય છો. એવા હે શ્રી નારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૭)

यत्पादपद्मकरन्दसैकलुब्धौ ब्रह्माण्डसौख्यमखिलं हि कदाचिदेव ।
रंकोपिनेच्छन्ति सुखाम्बुधिमेव तं त्वां नारायणं मुनिवंर बदरीशमीडे ॥८॥

જે જીવાત્માઓને તમારા ચરણકમળના રસનો સ્વાદ મળ્યો છે તે સાવ રંક અર્થાત્ અજ્ઞાની હોય તો પણ સમગ્ર બ્રહ્માંડનું સુખ પણ કોઈ કાળે ઈચ્છે જ નહી તો જે સમજુ અને જ્ઞાની વિદ્વાન હોય તે તો ક્યાંથી ઈચ્છે. એવું તમારા આશ્રયનું સુખ મહાન છે. કારણ કે તમોતો સમગ્ર સુખના સાગર છો. એવા હે શ્રીનરનારાયણ ઋષિ હું તમારી સ્તુતિ રૂપ પ્રાર્થના કરું છું. (૮)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

‘‘ આજના યુગમાં મોબાઈલ અને માળા બન્ને એવી વસ્તુ છે કે જેનાથી તમે એકલતા ન અનુભવી શકો યોગ્ય વિકલ્પ તમારે જ શોધવાનો છે.’’ - પ.પૂ.મોટા મહારાજશ્રી

હજારો સત્સંગીઓના અભ્યાસ બાદ પૂ મહારાજશ્રીએ આ અવલોકન કરી નોંધ્યુ હશે અને આખરે નિર્ણય પણ સત્સંગીઓની વિવેક બુધ્ધિ પર છોડી દીધો.

એક સુવિધા તરીકે મોબાઈલનો ઉપયોગ સારો છે પરંતુ તેનો અતિરેક ક્યાં લઈ જશે તે સંશોધનનો વિષય બની રહે તેમ છે. ઘણા લોકો બહારગામ ફરવા જાય છે ત્યારે પણ કુદરતી સૌંદર્યને માણવાને બદલે મોબાઈલમાં ગેમ રમીને કે જેનાથી કંટાળી બહારગામ ગયા હોય તેવી વ્યક્તિ જોડે સંપર્કમાં રહેવા પ્રયત્નશીલ રહેતા હોય છે. બીજી બધી જગ્યાએ આવું કરે તે તો સમજાય તેવી વાત છે પરંતુ આપણા મંદિરો કે આપણું  મ્યુઝિયમ પણ તેનાથી બાકાત નથી. આ બધું જોતા એમ લાગે છે કે જેમ ઉત્ક્રાંતિના સમય ગાળામાં કાળક્રમે વાનરમાંથી માનવીની ડિઝાઈનમાં પ્રકૃતિ દ્વારા જે પરિવર્તન આવ્યા તે હવે પછીના સમયગાળમાં પણ આવે. માણસની ડિઝાઈનમાં ફેરફાર થઈ મોબાઈલ પકડયો હોય તેવા હાથવાળા જ મનુષ્યો અવતરે પણ ખરા !

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પૃથ્વી પર અવતરે ૨૩૫ વર્ષ પૂરા થયા અને ખૂબજ સરળ ભાષામાં અઢળક સાહિત્ય આપણા સૌ માટે ઉપલબ્ધ કરાવી ગયા છે. છતાં ૨૩૫ વર્ષે પણ આપણે ભગવાનને ઓળખી ના શકીએ તે આપણી કમનસીબી છે. આપણે સૌ એક ઉત્કૃષ્ટ અભિનેતા બની ગયા છીએ આપણને ફાવે તેવો અભિનય કરી લઈએ છીએ અને પોતાને પોતાની ઓળખાણ કરાવવા મથીએ છીએ.

મ્યુઝિયમના પટાંગણમાં સાવ નાના કદના એક આંબે મોર આવ્યા છે. જે આપણને સૌને શીખવી જાય છે કે ઉત્કૃષ્ટ આપવા માટે કદનું કોઈ મહત્વ નથી. મ્યુઝિયમની મુલાકાતથી ઘણી બધી સમજણ કેળવાય કે દ્રઢ થાય છે. આવી સમજણવાળા તો અવાર નવાર મ્યુઝિયમની મુલાકાત લે છે જ અને મ્યુઝિયમના દર્શનથી, તેમાં ગોઠવેલ પ્રસાદીની વસ્તુઓના દર્શનથી કે તેના વાતાવરણના અનુભવથી પોત પોતાનામાં ખૂટતું બધુ મેળવી લીધાનો સંતોષ પ્રાપ્ત કરતા હોય છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - માર્ચ-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૧,૧૧,૧૧૧/- | શ્રી નરનારાયણ આયુર્વેદિક સ્ટોર્સ હ. જયેશભાઈ ઠક્કર - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦૦૦/- | પટેલ જ્યોતિકાબેન વિષ્ણુભાઈ હ. રવિ, સમીર તથા સહપરિવાર - મોખાસણ |
| રૂા. ૧૦,૦૦૦/- | અનસુયાબેન સુધાકરભાઈ ત્રિવેદી - યુ.એસ.એ. |
| રૂા. ૫,૫૫૫/- | સોની દયાગૌરી કીર્તિકુમાર હ. તેજશભાઈ તથા હેતલબેન વૃષાલી - અમદાવાદ |
| રૂા. ૫,૫૫૫/- | મીનાબા મધુભા ગોહિલ - ભરૂચ |
| રૂા. ૫,૧૨૧/- | અ.નિ. મણીલાલ ભાલજા સાહેબ તથા અ.નિ. નંદલાલભાઈ કોઠારી - મ્યુઝિયમના વાર્ષિકોત્સવ નિમિત્તે. |
| રૂા. ૫,૧૦૦/- | બહેનોના નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે - સ્વા. મંદિર, એપ્રોચ-બાપુનગર. |
| રૂા. ૫,૧૦૦/- | પાર્થ નરસિંહભાઈ ભંડેરી - બાપુનગર |
| રૂા. ૫,૦૦૧/- | પ્રતિક મહેન્દ્રભાઈ પટેલ, ઈરિગેશન વર્ગ-૨ ની નોકરીના પ્રથમ પગાર નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે નારણપુરા |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | ધીરૂભાઈ હીરજીભાઈ ખોખર હ. હિતેષભાઈ ખોખર - બાપુનગર |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી માર્ચ-૧૭

| | |
|---|---|
| તા. ૦૧-૦૩-૨૦૧૭ | અ.નિ. સદ્‌ગુરુ શા.સ્વામી હરિસ્વરૂપદાસજી તથા સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજીના શિષ્ય મંડળની પ્રેરણાથી અ.નિ. પ.ભ. પટેલ નારણભાઈ નરસિંહભાઈ તથા ધર્મપત્ની ગ.સ્વ. જીવતીબેન નારણભાઈ (ગુલાબપુરાવાળા)ના સ્મરણાર્થે સુપુત્ર પ.ભ. પ્રવિણભાઈ નારણભાઈ તથા ધર્મપત્ની સુશીલાબેન પ્રવિણચંદ્ર પટેલ તરફથી હ. ચિ. દક્ષેશ, જીગર ચિ. ફીસ તનીશ તથા જીયાન (અમેરિકા) સમસ્ત પરિવાર હ. સ્વામી રઘુવીરચરણદાસજી - સોકલી. |
| તા. ૦૧-૦૩-૨૦૧૭ | ભોજન મહાપ્રસાદના મુખ્ય યજમાન - અ.નિ. ચંપાબેન ગંગારામભાઈ પટેલ હ. ડૉ. ગંગારામભાઈ પટેલ - નારણપુરા |
| તા. ૦૨-૦૩-૨૦૧૭ | શ્રી ધિરજ ધનજીભાઈ રાબડીયા - લંડન |
| તા. ૦૪-૦૩-૨૦૧૭ | કુમુદબેન મહેશચંદ્ર બ્રહ્મભટ્ટ, હ. ભૂમિકા તથા મિલન - નવસારી |
| તા. ૧૦-૦૩-૨૦૧૭ | જશુબેન વિજયભાઈ હાલાઈ - લંડન |
| તા. ૧૭-૦૩-૨૦૧૭ | પટેલ વિષ્ણુભાઈ શંકરદાસ મોખાસણવાળા - ઘાટલોડિયા |
| તા. ૧૮-૦૩-૨૦૧૭ | ભરત માવજીભાઈ છબાડીયા હ. વર્ષાબેન નવિનચંદ્ર પાઠક - વુલવીચ-લંડન |
| તા. ૧૯-૦૩-૨૦૧૭ | અરજવાળીબેન કાનજીભાઈ સુહાગીયા - કર્મશક્તિ નવા નરોડા.<br>(સવારે) દિલીપભાઈ તથા હિતેષભાઈ - યુ.એસ.એ.-ઓસ્ટ્રેલીયા<br>(બપોરે) પટેલ નયનકુમાર બચુભાઈ - સોલા - અમદાવાદ |
| તા. ૨૨-૦૩-૨૦૧૭ | ડૉ. ભરતભાઈ પટેલ - અમદાવાદ |
| તા. ૨૫-૦૩-૨૦૧૭ | કાંતાબેન રમેશ ભીમજી રાબડીયા હ. ગીતાબેન હાલાઈ - કચ્છ-ભુજ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## કંઠીની તાકાત

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બાળમિત્રો ! તમે નાના હો કે મોટા, તમે સ્કુલમાં ભણતા હો કે કોલેજમાં તમે ડૉક્ટર હો કે એન્જીનિયર, તમે દેશમાં હો કે વિદેશમાં, તમે લાખો કમાતા હોય કરોડો પરંતુ સ્વામિનારાયણ ભગવાનના ભક્ત હો તો તમારા કંઠમાં સ્વામિનારાયણ ભગવાનની કંઠી તો હોવી જ જોઈએ. અને ફક્ત કંઠી પહેરી એટલું પુરતું નથી કંઠીની સાથે ભક્તિની ખુમારી ભક્તમાં જોઈએ, આશરાનું બળ જોઈએ. મારે કોનો આશરો છે ? ભગવાનના આશરાનું બળ, ગૌરવ ભક્તના હૈયામાં જોઈએ. તો જ ભગવાનની મદદ મળે. ભગવાનની કૃપા મળે.

વાત છે પ્રાંતિજની. પ્રાંતિજને પુરાણમાં પ્રહલાદપુર કહ્યું છે. બહુ પ્રાચીન નગર છે. ત્યાં એક હરિભક્ત રહેતા હતા. નામ બેચરબાઈ ખુશાલભાઈ મોઢ, એટલે કે મોદી જ્ઞાતિના હતા. તે નિષ્ઠા અને બળવાળા સત્સંગી હતા. કોઈને નિષ્ઠા હોય પણ બળ ન હોય. બેચરભાઈને એક વખત બહારગામ જવાનું થયું. યાત્રાની યાત્રા અને થોડો ઘણો કાંઈક વ્યવહાર હશે. પ્રાંતિજથી છેક વિજાપુર જવાનું હતું. સાબરકાંઠાના એ વિસ્તારમાં ઘણાં જંગલો હતા. આ ભક્ત એકલા ચાલ્યા જતા હતા. ત્યાં જમદૂતો નીકળ્યા. એ એના કામે જતા હતા. ચાર જમદૂત હતા અને અંદરો અંદર વાતો કરવા માંડ્યા. અહીંયા આપણને ગરમી શાની લાગવા માંડી ? ત્યારે બીજો બોલ્યો. મને તો થોડી થોડી બળતરા પણ થવા માંડી છે. કારણ શું ? એ પેલો કંઠીવાળો જાય છે ને, એટલે આવું થાય છે.

અને એ જમદૂતે માણસનું રૂપ લઈ હાકોટો માર્યો, અલ્યા એ કંઠી કાઢી નાખ, ફેંકી દે કંઠી. હુકમ કર્યો, ડારો દીધો. એટલે આ બેચરભાઈ તો એની સામે જોઈને કહે, જા....જા.... તારા જેવા મચ્છરાં કેટલા કેટલાંય ગણગણ કરે. એમાં કંઈ કંઠી કાઢી નંખાય ? ત્યાં તો બીજા યમદૂતે પોતાની ભયંકર આકૃતિ બનાવી અને હાક મારી. કંઠી કાઢ ! તોય બેચરભાઈ તો બેચરભાઈ ! ગભરાયા વગર બોલ્યા કંઠીની વાત કર્યા વગર તું તારે રસ્તે હેંડ્યો જા. કંઠી જાણે ને હું જાણું, તારે શું ? કંઠી ક્યારે પણ નહીં નીકળે. જમદૂતને ખાત્રી થઈ કે આ જેવો તેવો ભક્ત નથી. એની કંઠીથી આપણને તાપ લાગે છે. તો તેની બાજુમાં જઈએ તો શું થાય ? અને ચારે જમદૂતો નાસી ગયા. અને બેચરભાઈ હસ્યા. આવાને આવા હાલી નીકળે છે. મારી કંઠી તને ક્યાં નડે છે ? કંઠી પહેરનારને નથી નડતી પણ ઈર્ષાથી દેખનારને નડે છે.

થોડીવાર પછી બીજું એક વિઘ્ન આવ્યું. કોઈક સ્ત્રી બેઠેલી. રૂપાળી યુવાન અને બે પોટલાં ખોલીને બેઠી હતી. એકમાં દાગીના, હીરા, મોતી, સોનું અને રોકડા રૂપિયા હતા. બીજા પોટલામાં કિંમતી વસ્ત્રો હતા. તે સ્ત્રી બોલી, અહીં આવો તો ! બેચરભાઈને એમ કે કદાચ કોઈ ભૂલી પડી હોય, રસ્તો પૂછતી હોય. શું કામ છે ? કામ બીજું કાંઈ નથી. તમે બહુ સારા માણસ છો. આ બધાં દાગીના, આ બધું સોનું આ બધી સંપત્તિ અને હું તમારી. પણ.... આ તમારી કંઠી મને ના જોઈએ. કંઠી કાઢી નાંખો અને મારી લાખોની સંપત્તિ સાથે મને સ્વીકારી લો. બેચરભાઈ કહે - થું....... થું..... જા જા હવે ! તિરસ્કાર કરીને આગળ વધ્યા.

ત્યાં એક સુંદર રથ દેખાયો અને સંતો તેમાં બેઠેલા જોયા. હાશ ! અમારા સંતો આવ્યા. સંતોએ કહ્યું, બેચરભાઈ ! આવો તો આ રથમાં બેસી જાવ. બેચરભાઈ રથમાં બેઠા. એક સંતે પ્રસાદ આપ્યો તે જમ્યા. પાણી આપ્યું લો પીવો. પણ સ્વામી ! તમે અહીં ક્યાંથી ? શ્રીજી મહારાજે મોકલ્યા છે. તમે આટલી હિંમત દાખવી. તમે યમદૂતોથી ડર્યા નહી, તમે માયામાં લોભાયા નહી. પહેલી વખત તમે જે જોયું એ યમદૂતો હતા ને બીજી વખત જોયું એ પ્રત્યક્ષ માયા હતી. તમને નિષ્ઠામાંથી ચલાયમાન કરવા આવી હતી. પણ તમે ડગ્યા નહી એટલે શ્રીજી મહારાજે અમને કહ્યું કે, સંતો જાઓ બેચરભાઈને રથમાં બેસાડીને વિજાપુર પહોંચાડી દો. કામ થઈ જાય આવી લીફ્ટ મળતી હોય તો !!!

વિજાપુર ગામની ભાગોળ આવી. બેચરભાઈ જય સ્વામિનારાયણ કહી સંતોને પગે લાગ્યા અને રથથી નીચે ઉતરીને જોયું તો ન હતો કોઈ રથ કે ન હતા કોઈ સંત ! ભગવાને દિવ્ય રૂપે સંતોને મોકલીને બેચરભાઈની આ રીતે રક્ષા કરી.

એટલો બધો પ્રતાપ છે કંઠીનો ! પણ કંઠના સાટે કંઠીને જાળવવી પડે તો જ કામ થાય. ઘણાને કંઠી તુટી જાય તો અઠવાડીયું નીકળી જાય. જઈશું ત્યારે લાવશું એમ ન ચાલે. શતાનંદ સ્વામી કહે છે કે કંઠી તૂટી જાય તો કંઠી

વગર પાણી પણ પીવાય નહી. કંઠી પહેર્યા પછી જ પાણી પીવાય. જમવાનું તો હોય જ ક્યાંથી ?? કોઈ કારણસર કંઠી તુટી જાય તો બીજી ન મળે ત્યાં સુધી એ જ કંઠીને તાત્કાલિક ગાંઠવાળીને પણ ધારણ કરી લેવી પણ કંઠી વગર પાણીનો ઘુંટડો પણ અંદર ન જવો જોઈએ. અરે ગમે તેવા પ્રલોભનો આવે પણ કંઠીની બાબતે ઢીલું ન ચલાવી લેવાય. આવા નિષ્ઠાવાળા ભક્તો માટે સ્વામિનારાયણ ભગવાન સદાય પ્રગટ છે. સદા પ્રત્યક્ષ છે.

''જેને સ્વામિનારાયણની કંઠી
તેની લખ ચોરાશી ગઈ વંઠી
જો ભજન કરે સાચા મનથી.''

●

### બુધ્ધિર્યસ્ય બલંતસ્ય

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

મિત્રો ! પરીક્ષાની સીઝન ચાલુ છે. ત્યારે દરેક વિદ્યાર્થીને સારા ટકાએ ઉત્તિર્ણ થઈને જીંદગીમાં આગળ વધવાની કંઈક નવું સારૂ સર્જન કરવાની ભાવનાઓ હોય છે. પણ યાદ રાખો એમાં ભણતરની સાથે બુધ્ધિનું હથિયાર વાપરવાનું હોય છે. તો આવો વાંચીએ. બહુ સરસ મજાની વાત છે. બુધ્ધિબળ રૂપી હથિયારની.

એક નાનકડા ગામમાં ત્રણ ભાઈઓ રહે. નાનપણમાં જ માતા-પિતાનો સહારો છીનવાઈ ગયો. ધીમે ધીમે મોટા થયા પછી વિચાર આવ્યો. આપણે ગરીબ છીએ. કમાણીનું કોઈ સાધન છે નહી તો પરદેશ જઈ આપણી બુધ્ધિ અજમાવીએ. ઘરે મોટું તાળુ મારી ત્રણે ભાઈઓ ચાલી નીકળ્યા. પગે ચાલતા ચાલતા ગામોગામ ફરતા ફરતા જમવાનું મળે તો જમે, પાણી મળે તો પીવે નહી તો ભૂખ્યા-તરસ્યા આગળ વધતા જાય છે.

એક દિવસની વાત છે. ત્રણે જણ ચાલ્યા જતા હતા. ત્યાં પાછળથી એક માણસ દોડતો દોડતો આવી પહોંચ્યો. આવીને આ ભાઈઓને પૂછવા લાગ્યો કે તમે મારૂં ઊંટ જોયું છે ? ત્યારે આ ત્રણમાંથી પહેલા ભાઈએ જવાબ આપ્યો ના, અમે તારૂં ઊંટ જોયું નથી. પણ એ ઊંટ લંગડું છે ખરૂને ? હા, સાચી વાત છે. ત્યાં તો બીજો ભાઈ બોલ્યો - તારૂં ઊંટ એક આંખે કાણું છે બરાબરને ? હા, સાચી વાત છે. ત્યાં વળી ત્રીજો ભાઈ કહે છે - ઊંટ ઉપર સ્ત્રી અને એક બાળક છે એ સાચી વાત ને ? હા...હા.... સાચી વાત છે. તમે તો કહો છો કે તમે ઊંટ જોયું નથી ને ત્રણેની વાત તો એકદમ સાચી છે. તમે ઊંટ જોયું જ છે પણ આવી વાતો કરી મને ભૂલાવો છો. તમે જ મારૂં ઊંટ તથા સ્ત્રી અને બાળકને ઉઠાવી લીધા છે. અને એણે તો તલવાર કાઢીને હાંકોટો માર્યો. તમે ત્રણે ચોર છો, ચાલો દરબારમાં. પેલાના હાથમાં તલવાર હોવા છતાં આ ભાઈઓ ગભરાયા નહી અને કાંઈ પણ હા કે ના કર્યા સિવાય તે માણસ સાથે ચાલવા લાગ્યા.

કચેરીમાં આવી રાજા પાસે પેલા માણસે ફરિયાદ રજુ કરી. રાજાએ આ ત્રણે ભાઈઓ સામે જોઈ પ્રશ્ન કર્યો કે - તમે ઊંટ, સ્ત્રી અને બાળકને ક્યાં સંતાડ્યા છે ? ત્યારે ત્રણે ભાઈઓ કહ્યું કે અમે ઊંટ, સ્ત્રી કે બાળકને જોયા પણ નથી અને સંતાડ્યો પણ નથી. આ બાબતે કશું જાણતા પણ નથી. ત્યારે પેલો માણસ બોલ્યો કે - જોયા વિના તમે સાચી ઓળખ કેવી રીતે આપી શકો ? માટે તમે જ ચોર છો. રાજા કહે છે, જે હોય તે સાચું કહી દો નહી તો પછી આકરી શિક્ષા ભોગવવી પડશે.

રાજન્ ! અમે બિલકુલ સાચી વાત કહીએ છીએ કે અમે કશું જાણતા નથી પણ અમે જે માહિતી આપી તે અમે અમારી બુદ્ધિથી જાણી શક્યા અને તે આ ભાઈને જણાવ્યું. અમે તો કામકાજની શોધમાં આ બાજું નીકળ્યા છીએ.

રાજાને તો હવે ગુસ્સો આવ્યો. આવું તો બની જ ન શકે. જોયા વિના કોઈ આવું આબેહૂબ વર્ણન ન કરી શકે. માટે તમે ચોર છો. ત્યારે ત્રણે માંથી મોટો ભાઈ બોલ્યો - અમે સાચા છીએ. જો બુદ્ધિનો બરાબર ઉપયોગ કરવામાં આવે તો જાણી શકાય. કશું જ અશક્ય નથી. આ રીતની મક્કમતાભરી વાત સાંભળી રાજાએ તેમની બુદ્ધિની કસોટી કરવાનું વિચાર્યું. પ્રધાનને પાસે બોલાવી કાનમાં કાંઈક વાત કહી. પ્રધાન ત્યાંથી બહાર ગયો અને થોડીવારમાં એક માણસ પેટી લઈને કચેરીમાં પ્રવેશ્યો. આવીને પેટી રાજાના પગ પાસે મુકી. રાજાએ મોટાભાઈને કહ્યું કે - તમે કહો છો કે તમે બુદ્ધિથી જાણી શકો છો તો કહો કે પેટીમાં શું છે ?

મોટાભાઈએ જવાબ આપ્યો - રાજન્ ! પેટીમાં નાની અને ગોળ વસ્તુ છે. વચેટભાઈ બોલી ઉઠ્યો - રાજન્ ! તેમાં જામફળ છે. ત્યાં તો ત્રીજો ભાઈ બોલ્યો - રાજન્ ! તે જામફળ કાચું છે. ત્રણે જવાબ એકદમ સાચા હતા. તેથી રાજાને ઘણી નવાઈ લાગી. આરોપ કરવાવાળા માણસને કહી દીધું કે તમે જાવ, આ ત્રણે ભાઈઓએ તમારૂં ઊંટ લીધું નથી. પેલો માણસ ગયો અને રાજાએ આ ત્રણે ભાઈઓને જમાડ્યા અને સારો ઉતારો આપ્યો.

પછી રાજાએ આ ત્રણે ભાઈઓને એકાંતમાં બોલાવી ઉત્સુકતા સાથે પ્રશ્ન પૂછ્યો કે તમે આટલું સચોટ કેવી રીતે જાણી શકો છો ? તે મને સમજાતું નથી. ત્યારે મોટાભાઈએ કહ્યું કે અમે રસ્તામાં ઊંટના પગલાં જોયેલા. તેમાં ત્રણ

અનુ. પેજ નં. ૨૧ ઉપર

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સાંનિધ્યમાં અંજલી મંદિર (વાસણા)માં દશાબ્દી મહોત્સવ અંતર્ગત મહિલા સત્સંગ સભા**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

ધર્મકુળની આજ્ઞા અનુસાર આપણામાં રહેલી 'ઉણપોને' ટાળવા માટે સંતો ખૂબ 'જહેમત' ઉઠાવી વારંવાર આવા 'ઉત્સવો'નું આયોજન કરતા હોય છે. વરસાદ તો જમીન પર વરસે છે. પરંતુ તેમાં જમીન ઉપર જે 'પથ્થર' હોય છે તે કોરા જ રહી જાય છે. તો આપણે કોરા નથી રહેવાનું પરંતુ આવા 'ઉત્સવો' ના માધ્યમથી 'સત્સંગરૂપી' બગીચામા 'નવપલ્લવિત' થવાનું છે. ધર્મકુળનો દ્રઢ 'આશ્રય' અને 'સંત સમાગમરૂપી' નૌકાના માધ્યમથી આ જીવ ભવસાગર પાર કરી શકે છે. આવા મોટા 'ઉત્સવો'માં સતત સત્સંગથી શરીરને થાક જરૂર લાગે છે. પરંતુ અંતરમાં 'શાંતિ' અને કાંઈક પ્રાપ્ત કર્યાનો 'અનુભવ' પણ ચોક્કસ થાય છે. અને સાથે સાથે આપણી 'શ્રધ્ધા' ને 'નિષ્ઠા' પણ પરિપક્વ બને છે. અને જે ખરેખર 'મુમુક્ષુ' જીવાત્મા છે. અને જેને સત્સંગ પ્રત્યે અપાર પ્રેમ, ભાવ અને નિષ્ઠા છે તેને થોડા સમયમાં ઘણું બધું પ્રાપ્ત થઈ જાય છે. 'સત્સંગ' એવું સાધન છે કે જેના માધ્યમથી ટૂંક સમયમાં ઘણું લાંબુ 'અંતર' કપાઈ જાય છે. તો આ સત્સંગ સભામાં અનેક ધામોથી વિશાળ સંખ્યામાં સાં.યો. બહેનોએ પધારીને સત્સંગી બહેનોને પોતાના જ્ઞાનનો લાભ આપી ધન્યતાનો 'અનુભવ' કરાવ્યો હતો. તો વાસણા અંજલી મંદિરના 'મહિલા મંડળ'ના બહેનોએ પણ નાટક, નૃત્ય, ગરબા વગેરે 'અદ્‌ભુત' સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી 'પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી'ની 'પ્રસન્નતા' મેળવી હતી અને જેમના હૃદયમાં આ સત્સંગ પ્રત્યે અપાર 'પ્રેમ', 'કૃપા' અને 'કરુણા' રહેલા છે તેવા 'પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી એ પણ પોતાના 'અમૃત વચનો' દ્વારા સમગ્ર સત્સંગ સભાને તૃપ્ત કરી હતી. 'પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી' બહેનોને સત્સંગનો લાભ મળે તે માટે ખૂબજ 'પ્રયત્નો' કરી રહ્યા છે. તો આપણે પણ પ.પૂ. ગાદીવાળાશ્રીના ચરણ અને 'શ્રી નરનારાયણદેવ'ના શરણમાં કાયમ જોડાઈ રહેશું તો આ ભવસાગરને સહેજે પાર કરી શકીશું. દર બેસતા મહિનાના (સુદ એકમ)ના દિવસે કાલુપુર મંદિરમાંથી 'અંજલી' મંદિરમાં સાં.યો. બહેનો પોતાના 'દિવ્ય' જ્ઞાનનો લાભ આપવા પધારે છે. તો દરેક સત્સંગી બહેનોએ અવશ્ય લાભ લેવો.

**અંજલી મંદિરમાં સભા પ્રસંગે**
**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચન.**

બહુ વિચારવાની જરૂર નથી. થોડું ધ્યાનથી સમજવાનો પ્રયત્ન કરીએ તો ખૂબ સરળ છે. એકદમ ટૂંકમાં જોઈએ તો આ બ્રહ્માંડમાં ત્રણ વસ્તુ 'શાશ્વત' છે. એક આપણે (આત્મા) આપણે એટલે 'આત્મા' બીજું 'માયા' (પ્રકૃતિ) અને ત્રીજું ભગવાન (પરમાત્મા) તો એક આપણે જે આ માયાના ક્ષેત્રમાં ઘણા સમયથી ફરી રહ્યા છીએ. તો પણ જે જોઈએ છે તે સાચી શાંતિ (તૃપ્તિ) મળતી નથી. તો માયા પાસે તે નથી. તો સ્વાભાવિક જ છે કે આપણે જે જોઈએ છે તે ભગવાન પાસે છે. તો ભગવાનની શરણાગતિ સ્વીકારી લેવાની અને માગી લેવાની. તો સવાલ એ થાય છે કે માગીએ તો છીએ દરરોજ તો પણ નથી મળતી તો કેવી રીતે માગવાનું ? જેમ નાનું બાળક હોય છે તે બોલી નથી શકતું તો બાળકના રડવા પરથી માતાને ખ્યાલ આવી જાય છે અને બાળકને જે વસ્તુની જરૂર હોય છે તે માગ્યા વગર માતા આપી દે છે. પણ બાળક જ્યારે સાચું રડે છે ત્યારે તો બાળકની જેમ નિષ્કપટ થઈ જવાનું, અંતરમાં ભગવાન મળે તેવી 'વ્યાકુળતા' હોવી જોઈએ. આપણે વિચાર કરવાનો છે કે આપણે પરમાત્માની પ્રાપ્તિ માટે કેટલા આંસુ સાર્યા ? પરમાત્માને પામવા માટે જ્યારે આંખ ભીની થાય છે ત્યારે મોક્ષના માર્ગે હજારો કિલોમીટરનું અંતર કપાઈ જાય છે. અબજો જન્મનું અંતર પરમાત્મા અને આપણી વચ્ચે પડ્યુ હોય છે તે બધું સાફ થઈ જાય છે. આપણી અંદર સાચી 'વ્યાકુળતા' હોય છે. ત્યારે ભગવાન માતાની માફક સમજી જાય છે. પરંતુ આપણે શું કરીએ છીએ ? તો જગત માગીએ છીએ. આ જગતની બધી વસ્તુ માયાને આધીન છે. બાળક પણ ખોટી જીદ કરે તો માતા-પિતા બધું આપી દેતા નથી. તેમ આપણે પણ 'અજ્ઞાન' અને 'આવરણને' કારણે શું કરીએ છીએ ? જેમ એક અંધ માણસને રોડ ક્રોસ કરવો હોય તો બીજા અંધ માણસનો હાથ પકડીને ન કરી શકે તેમ આપણે પણ પરમાત્મા પાસે અંધ માણસની માફક જગતનું સુખ માગીને કાયમી શાંતિની અપેક્ષા રાખીએ છીએ જે શક્ય નથી. જગતની જે સંપત્તિ છે તે આપણને બહારથી ધનવાન બનાવે છે. આપણે ભીતરની શાંતિ મેળવવાની છે. પોતાના અંતરને ધનવાન બનાવવાનું છે. ગૌતમ બુધ્ધને એક નનામી જોવાથી બોધ થઈ ગયો અને અંતર આત્મામાં વિચાર્યું કે મારી પાસે તો બધી વસ્તુ છે છતાં પણ અંતર તો સાવ ખાલી છે. આ જગતની સંપત્તિ આપણા

અંતરની ગરીબીને ઢાંકી દે છે. અને આપણને ખ્યાલ પણ આવતો નથી. તો આ 'સત્સંગ-સભા' છે તે આપણા અંતર-આત્માને જગાડવા માટે છે. જ્યાં સુધી અંતર્દશાની ખબર નહિ હોય તો કલ્યાણની તરસ નહિ લાગે, વ્યાકુળતાની ભૂખ નહિ લાગે ત્યાં સુધી આપણા ઉપર કાંઈ અસર થશે નહિ. ભગવાન દેવતાઓ આગળ દેવ સ્વરૂપ બતાવે છે. અને પોતાના અનન્ય ભક્તને પોતાની 'અસીમ શક્તિ' ના દર્શન કરાવે છે. બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ દેવતા સ્વરૂપ કહેવાય છે. અને આ બધાને જે ચલાવે છે તે પરમાત્માની અસીમ શક્તિ છે. દેવતાઓ પણ પોતાના સ્થાનને બચાવવા ભગવાનને પ્રાર્થના કરે છે. 'સત્' 'ચિત્ત', 'આનંદ' સ્વરૂપ તે પરમાત્માની 'અસીમ શક્તિ' છે. આપણે તો પરમાત્માના 'અનન્ય ભક્ત બનવું છે. અને પરમાત્માની 'અસીમ શક્તિ'ના દર્શન કરવા છે. અને એક વસ્તુ એ પણ ધ્યાનમાં રાખવાની છે કે આપણા જીવનમાં 'હું' અને 'મેં' ક્યારેય ન આવવા જોઈએ. 'કર્તા-હર્તા' ભગવાનને માનો. આપણા હાથે કંઈ પણ સારૂ કાર્ય થાય તો માનવાનું કે પરમાત્મા આપણને 'નિમિત્ત' બનાવે છે. પરમાત્મા આપણને તે સારા કામને લાયક સમજે છે. નહિ તો આપણે તો આપણી શક્તિથી શ્વાસ પણ લઈ શકતા નથી. તો બીજું શું કરી શકવાના છીએ. આ જગતમાં કેટલા બધા ભગત હશે. 'લાખ' , 'કરોડ' કે તેનાથી પણ વધારે લોકો. તો દરેકને માટે ભગવાન પોતે આવતા નથી. પરંતુ આ બધા ભક્તોના કાર્ય કરવા માટે આ જગતમાં જે સાચા લોકો હોય છે તેને 'પસંદ' કરે છે. અને 'નિમિત્ત' બનાવે છે કે આ વ્યક્તિ આ કાર્ય કરી શકે તેમ છે. તો આપણાથી સારૂ કાર્ય થાય ત્યારે પરમાત્માનો આભાર માનવાનો અને આપણામાં જે કાંઈ કચાશ રહી ગઈ હોય તેનું ધ્યાન રાખવાનું અને સત્સંગના માધ્યમથી આપણામાં રહેલી કચાશને ટાળવા માટે પ્રયત્ન કરવાનો. અને એક વાત હું કાયમ કહું છું કે 'શ્રી નરનારાયણદેવ' પૂજામાં ન હોય તે પૂજા અધૂરી ગણાય છે. મહારાજે વચનામૃતમાં સત્સંગી માત્રને 'શ્રી નરનારાયણદેવ' પૂજામાં રાખવાની આજ્ઞા કરેલી છે.

●

### અહં મમત્વરૂપ માયા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રીજીમહારાજે વચનામૃત ગ.પ્ર.-૧ માં હરિભક્ત ગોવર્ધનભાઈના પ્રશ્ન - ભગવાનની માયાનું શું રૂપ છે ? તેના પ્રત્યુતરમાં મહારાજે કહ્યું "જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિમાં ધ્યાન કરતા જે આડું આવે કે આવરણ કરે તેને માયા કહેવાય. શ્રીજી મહારાજે માયાના અટપટ શબ્દની બહુ સરળ સ્પષ્ટ વ્યાખ્યા આપી છે જે કોઈપણ પદાર્થ-પછી મન હોય કે શરીર હોય કે કુટુંબ પરિવાર કે સ્ટોર-દુકાન વિગેરે ભજન-સ્મરણ-ધ્યાન કરવામાં વિઘ્ન કરે તેને માયા કહેવામાં આવે છે. ભગવાન વિના બીજે ઠેકાણે જે વૃત્તિ જાય છે તે જ માયા છે. દેહને વિશે અહમ્ બુદ્ધિને દેહના સંબંધી પદાર્થ વિશે મમત્વ બુદ્ધિ એ માયા છે. આ દેહને વિશે અહમપણું હું બુધ્ધિશાળી, ગુણવાન, સશક્ત, રૂપાળો, ભણેલો વિગેરેમાં હું પણું આવે એજ માયા છે. અને દેહના સંબંધી અને પદાર્થ વિશે મમત્વ રૂપ મોહ આ મારૂં ઘર, આ મારૂં ખેતર-વાડી, આ મારી ગાડી, મારા મા-બાપ, ભાઈ, બહેન, દીકરા, દીકરી, નાત, જાત, કુટુંબ-કબીલો સાથે ચોંટેલા એટલે કે જે ખોટા છે. નાશવંત છે. છતાંય તેને સાચા માનીને આસક્તિ કરે છે તે જ માયા છે. શરીરમાંથી અહમ્પણું અને શરીરના સંબંધીઓમાંથી મમત્વપણું દૂર થતું નથી એજ માયા છે.

માયા ત્રિગુણાત્મિક છે. સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ માયાના છે. એટલું જ નહિ પણ એ માયા ભગવાનની શક્તિ છે. જીવને અહં અને મમત્વ એ માયા જ કરાવે છે. માયા બે સ્વરૂપે જીવ આગળ હોય છે. અહં-બુદ્ધિરૂપે દેહમાં અને મમત્વ બુદ્ધિરૂપે દેહના સંબંધીમાં-સંસારમાં હોય છે. આ અહંતા અને મમત્વનું જ નામ છે માયા. જો કે માયાની વ્યાખ્યા વાંચી જવી બહુ સરળ છે. તમે સાંભળી જાઓ એ પણ અહં અને મમત્વ એકથી પણ એક શ્વાસ પુરતુંય જો ભૂલાય તો અતિ ઉત્તમ છે. કોઈ દિવસ એમ નથી થતું કે આ હું નથી. જીવને અહંમમત્વ ક્યારેય જતો નથી. કોઈ દિવસ એમ થાય છે કે આ દીકરો મારો નથી. આ ભાઈ મારો નથી. આ સગા સંબંધી મારા નથી. આ ઘર-વાડી-મહેલ મારા નથી. એમ થતું જ નથી. અંદરથી દ્રઢ થઈ ગયું છે કે આ બધુંય મારૂં જ છે. મારૂં જ છે. એ જ માયા દુઃખદાયી છે. એક ભાઈ પોતાના સગા સાથે સંત પાસે ગયા. સંતે પૂછ્યું. આ કોણ છે ભાઈ ? તો જવાબ આપ્યો કે અમારા કાકાના ભત્રીજાના મામાના સાળાના દીકરાના જમાઈ છે. સંત કહે આટલું સમજવા માટે મારે અભ્યાસ કરવો પડે. આમ મમત્વ એવી ચીજ છે. જે ક્યાં ને ક્યાં મમતા લાગે છે.

સ.ગુ. સ્વામી દેવાનંદજી લખે છે કે, **"સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે, એ છે જુઠ્ઠી માયા કેરી જાળ, અંતકાળે સગુ નથી કોઈનું રે."** લેણ દેણના સંસ્કારે સગા-સંબંધી ભેળા થયા. માટે જ કહ્યું છે કે **"કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધન માલ અંતકાળે સગું નથી કોઈનું રે."** ગૃહસ્થાશ્રમીનું ઘર અને રેલ્વેના ડબ્બો બને સરખા છે. કેમ કે અમદાવાદ મુંબઈ વચ્ચે દોડતી રેલ્વે હોય એના એક જ ડબ્બામાં પરિચિત કે અપરિચિત માણસો ભેગાં થઈ જાય વાતે વળગે, તમારે ક્યાં જવું છે, તમારે કઈ બાજું જવું છે ? એ રીતે પૂછ-પરછ ચાલે. જ્યાં જ્યાં જેનું સ્ટેશન આવે ત્યાં ઉતરતા જાય ઉતરે એટલું જ નહિ ત્યાંથી જાય છે પણ ખરા.

ગૃહસ્થાશ્રમીના ઘરમાં કેટલા આવે એ પણ આયુષ્યની મર્યાદા પૂરી થાય એટલે ચાલ્યા જાય. બીજા કેટલાય જન્મતા જાય. આમ ચાલ્યા કરે છે. એમાં કોની સાથે મમત્વ રાખશો ? બેઠા હોય ત્યાં સુધી આવજો કેમ છો ? શું છે ? આવી રીતે વાતો કરતા જાય. વહેલા આવજો કહીને ઉતરી જાય એટલે પતી ગયું. એનું નામ નહિ અને સરનામું નહી એજ માયા. જીવનમાં અહં-બુદ્ધિ અને મમત્વ બુદ્ધિ પેદા કરનારી માયા છે. માયા જગતમાં અનેક રૂપે છે. પદાર્થમાં હેત થાય એ પણ માયા. મમત્વ એવી ચીજ છે જે મંદિરના સભા મંડપ પાસેથી કોઈના બૂટ ચોરાઈ ગયા. એટલે કોઈ ભાઈ એ પૂછ્યું કેમ ટોળું વળ્યા છો ? તો કહે એક છોકરો અહીંયાથી બૂટ પહેરીને ગયો.'' કોઈકના બૂટ લઈ ગયો. ગમે તેના લઈ ગયો. ત્યારે પેલા ભાઈ કહે, ''પનોતી ગઈ એમાં શું ?'' પછી જ્યારે દર્શન કરીને નીચે આવ્યા ત્યારે ખબર પડી કે પોતાના જ બૂટ હતા. એકદમ આકુળ વ્યાકુળ બની ગયા. આ મંદિરવાળા શું ધ્યાન રાખે છે ? આ શું કહેવાય ? આવું ને આવું ચાલે છે મંદિરમાં ? ત્યારે કોઈએ કહ્યું જે ભાઈ શાંતિ રાખો. શું શાંતિ રાખે ? થોડીવાર પહેલાં તો એમ કહેતા હતા કે પનોતી ગઈ. કારણ કે એમને ખબર નહોતી જે એ બૂટ એમના પોતાના જ હતા. ખબર પડી એટલે બસ રાતા-પીળા થઈ ગયા. જો બીજાના ગયા હોત તો કાંઈ વાંધો નહિ. એમાં શું પનોતી ગઈ. પોતાના જાય ત્યારે ખબર પડે કે પનોતી કેવી વસમી હતી. આમ જીવને અહં અને મમત્વ એ માયા જ કરાવે છે.

આપણા સંપ્રદાયમાં પણ માયામાં સંતોનું ચિત્ત ચોટ્યું હતું. સ્વામિનારાયણ ભગવાન વન-વિચરણ કરીને જ્યારે સ.ગુ. મુક્તાનંદ સ્વામી પાસે લોજ ગામમાં આવ્યા ત્યારે સ્વામીએ તૂંબડી રંગેલી. એ વખતે સાધુ-સંત મહાત્માઓ તૂંબડી રાખતા. તૂંબડીને કલર કરવા પડે, નહિ તો સડી જાય. એનો રંગ એટલે તૂંબડી માટે ખાસ પ્રકારનો રંગ આવે છે. સ્વામીએ તૂંબડી રંગીને તડકામાં સૂકાવા મૂકી. સ્વામી બપોરે ધ્યાન કરવા બેઠા. ભગવાનનું ધ્યાન કરતા જાય છે ને વચ્ચે વચ્ચે ક્યારેક વિચાર આવી જાય છે કે તૂંબડી બહાર પડી છે એના ઉપર કાગડો બેસશે તો અપવિત્ર થશે. એમ સંકલ્પ થયો. નિલકંઠવર્ણી સ્વામીનો સંકલ્પ જાણીને કહે છે, સ્વામી તૂંબડીની વધુ કિંમત છે કે ભગવાનના સ્વરૂપની ? બે માંથી વધુ મહિમા કોનો ? સ્વામી ઉભા થઈને બે હાથ જોડીને કહે છે કે, ''ક્ષમા કરજો પ્રભુ ? ભૂલ થઈ ગઈ, તૂંબડીનું ચિંતવન થઈ ગયું.'' આમ ભગવાનની મૂર્તિમાં ધ્યાન કરતાં તૂંબડી યાદ આવી એ જ માયા. માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં જ રહે છે. ભગવાનના ભક્ત છે તેને તો માયા અતિશય સુખદાયી છે. કેમ કે માયાના કાર્યને જે ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે સર્વે ભગવાનની ભક્તિને અતિ પુષ્ટ કરે છે. (લોયા-૧૦)

શ્રીકૃષ્ણ પરમાત્મા ભગવત્ ગીતામાં અર્જુનને કહે છે કે મારી માયા ત્રણ ગુણોવાળી દેવી છે. તેને તરવી તે કઠણ છે. પરંતુ જે મને પામે છે તે માયાને તરી જાય છે. ભગવાન મળે તો આપણું કામ થઈ જાય. એટલા માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીએ કે ''હે મહારાજ અધમ ઉદ્ધારણ સર્વોપરી, ક્ષમાનિધિ, પ્રેમના સાગર, સર્વના અંતર્યામી પ્રેમથી અમારા હૃદય મંદિરમાં પધારો અને નિવાસ કરો. ભગવાન પધારે એટલે માયા દૂર થઈ જાય. ભગવાનને તો તમારા મંદિરમાં આવવું છે પરંતુ હૃદયમાં માયા રૂપી માલ નકામો ઘણો ભર્યો છે. ભગવાનને રહેવા માટેની જગ્યા રાખેલ નથી. એટલા માટે શ્રીજી મહારાજે કચ્છ દેશમાં સમૈયો પૂરો થયો પછી ભક્તોને વિદાય આપતા કહ્યું ભક્તો, તમે રાજી રહેજો. હરિભક્તો થોડે દૂર ગયા પછીથી યાદ આવ્યું કે આપણે ભગવાનને રાજી રહેવા કહીએ તે તો સમજી શકાય તેમ છે પણ ભગવાને આપણને કેમ આ રીતે કહ્યું ? હરિભક્તો ભગવાન પાસે ગયા. ત્યારે મહારાજે કહ્યું તમારૂં ૩॥ આંગળનું હૃદય જે અમારૂં રહેવાનું સ્થાન છે તે ચોખ્ખું રાખજો. તો અમો આવી શકીએ. એટલે તમે રાજી થાઓ અને હૃદયમાં અમોને સ્થાન આપો. માટે હૃદયમાંથી અહંમ મમત્વરૂપી માયા દૂર કરવી જ પડશે. તો જ જગતનો માલિક રાજી થશે.

●

## 'હું માનવી માનવ થાઉં તો ઘણું'

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

જગત પરની સજીવ સૃષ્ટિમાં માનવી એક એવું પ્રાણી છે. જે બુધ્ધિમાન છે. સર્જન અને સંશોધન કરી શકે છે. પરંતુ ખરેખર માનવી જો બુદ્ધિમાન પ્રાણી હોય તો તેણે જાણી જોઈને કૂવામાં ન પડવું જોઈએ. આગ સામે ન ખેલવું જોઈએ. સનાતન સત્યને ન ભૂલવું જોઈએ.

માનવી જાણે છે કે મારા મૃત્યુ પછી મારી સાથે કંઈજ નથી આવવાનું. છતાં જીવંત પર્યંત આર્થિક સંપત્તિ પ્રાપ્ત કરવા આંધળી દોટ મૂકે છે. શરીર કે પરિવાર સુદ્ધાંની પરવાર નથી કરતો. પરિણામે ભેગી કરેલી સંપત્તિનો સદ્‌માર્ગે ઉપયોગ કરી શકતો નથી. આ સનાતન સત્ય સૌ કોઈ માનવી જાણે છે. છતાં તેનું પાલન કરનારા લાખો કરોડોમાં કોઈક વીરલા જ નીકળે છે. તો માનવીએ શું કરવું જોઈએ ? માનવીએ પોતાની સંપત્તિનો ઉપયોગ 'સ્વ' કલ્યાણની સાથે સાથે માનવ કલ્યાણમાં, પરોપકારનાં કાર્યોમાં, દીન-દુઃખિયાની સેવામાં, અને ધર્મ સેવામાં સદ્‌ઉપયોગ કરવો જોઈએ. જેથી તેની કીર્તિ અમર બની જાય.

આજના સમાજની સળગતી સમસ્યા જો હોય તો તે 'વ્યસન અને ફેશન છે. સર્વ ધર્મ ગુરુઓ અને ધર્મ

સુધારકોમાં 'શ્રી સહજાનંદ સ્વામી'નું નામ મોખરે છે. કારણ કે તેમનાં સંતો અને ભક્તોમાં બિલકુલ વ્યસનીને સ્થાન નથી. શ્રી સહજાનંદ સ્વામીએ વ્યસન મુક્તિનું જે અભિયાન ચલાવેલું તે આજે પણ ચાલે છે. તે ખરેખર પ્રસંશનીય અને સમાજોપયોગી કલ્યાણકારી કાર્ય છે.

આજનો માનવી તનની સ્વચ્છતા પાછળ કલાકો બગાડે છે. પણ મનની સ્વચ્છતાની ઉપેક્ષા કરે છે. એણે તનની સ્વચ્છતાની સાથે મનની સ્વચ્છતા પણ રાખવી જોઈએ. કારણ તેનું તન તંદુરસ્ત હશે પણ મન તંદુરસ્ત નહિ હોય તો તેનામાં રાગ-દ્વેષ, વેર-ઝેર, આડંબર, ક્રોધ, મોહમાયા, જેવા આંતરિક શત્રુઓ તેને શાંતિથી જીવવા નહીં દે. માટે તેણે મનની સ્વચ્છતા માટે પ્રાર્થના, ધ્યાન અને એકાગ્રતા કેળવવી પડશે. આ કરવાથી જ આંતરિક શત્રુઓને દૂર કરીને શાંતિ અને સંતોષી જીવન જીવી શકશે. માનવીએ એ ન ભૂલવું જોઈએ કે 'માયા મારે છે અને ત્યાગ તારે છે' જેનું મન સ્વચ્છ તેનું તન સ્વચ્છ, જેનું મન સ્વચ્છ તેનું અંતર સ્વચ્છ, જેનું અંતર સ્વચ્છ તો શ્રીહરિનો વાસ જીવન માંમાત્ર વૃધ્ધિ ન કામી છે. વૃદ્ધિની સાથે સાથે શુદ્ધિ પણ અનિવાર્ય છે. વૃધ્ધિ માટે કોઈની સાથે કપટ ન કરાય, દગાબાજી ન કરાય, કોઈને મન-વચન અને વાણીથી દુઃખી ન કરાય.

'શુધ્ધિ સાથે કરેલી વૃદ્ધિ જ ફળદાયી છે.'

દરેક માનવી પોતાની નોકરી-વ્યવસાય-વેપાર-રોજગાર ધંધા વગેરેમાં શુધ્ધિ સાથે વૃધ્ધિ કરવી જોઈએ. જમીન એક છે. પાણી એક છે. ખાતર એક છે. પરંતુ બીજ અલગ-અલગ પ્રકારનાં વાવીએ તો જુદા જુદા સ્વાદ માણવાનાં મળે છે. શેરડી મીઠાશ આપે, લીંબુ ખટાસ આપે, મરચું તીખાશ આપે, કારેલા કડવાશ આપે, આવું જ માનવ જીવનમાં પણ બને છે. માતા-પિતા એક હોવા છતાં સંતાનોનાં ગુણો અલગ-અલગ જોવા મળે છે કેમ ? માતા-પિતા જો આદર્શ માનવી તરીકે તેમનો ઉચ્છેર કરે તો વિવિધતા ભાગ્યેજ જોવા મળે. સંસ્કારી, સત્સંગી-સદાચારી માતા-પિતાનાં સંતાનો પણ તેમના જેવા જ બને.

આજનો યુગ પ્રગતિનો, વૃધ્ધિ અને વિકાસનો, ગતિ, પ્રગતિ અને અધોગતિનો, સંશોધનો અને આધુનિક સુખ-સગવડ અને ભોગ વિલાસી જીવનનો યુગ બની ગયો છે. આજના યુગમાં માનવી ગ્રહ ઉપર જરૂર પહોંચ્યો છે. પણ તેના મનમાંથી પૂર્વગ્રહ છોડી નથી શક્યો. માનવીએ જરૂર અઢળક સંપત્તિ, ધન પ્રાપ્ત કર્યું છે. પણ તેનો સદ્‌માર્ગે ઉપયોગ કરવામાં સંસ્કારો ગુમાવ્યા છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર વાર્ષિક પાટોત્સવ જેઠ સુદ-૯ તા. ૩-૬-૨૦૧૭ શનિવારના રોજ ઉજવાશે.**

અનુ. પેજ નં. ૧૭ નું ચાલુ

પગલાં બરાબર ઉપસેલા હતા અને એક પગની છાપ થોડી જ ઉપસેલી હતી તેથી અમે નક્કી કર્યું કે ઊંટ એક પગે લંગડુ હોવું જોઈએ. ત્યારે બીજા ભાઈએ કહ્યું કે રસ્તાની એક બાજુના જ પાંદડા ખવાયેલા હતા તેથી અમે નક્કી કર્યું કે ઊંટ એક આંખે કાણું હોવું જોઈએ. ત્યાં તો ત્રીજો ભાઈ બોલી ઊઠ્યો. રાજન્ ! થોડે આગળ જતા ઊંટને એક જગ્યાએ બેસાડેલું હોય તેવું જણાયું. તે જ જગ્યાએ બે વ્યક્તિઓના પગલાંની છાપો હતી. તેમાં એક તો નાના પગલાં હતાં તેથી નક્કી કર્યું કે તે બાળક હોવું જોઈએ અને બીજા મોટાં પણ નાજુક પગલાં હતા તેથી નક્કી કર્યું કે તે સ્ત્રીના પગલાં હોવા જોઈએ. આ પ્રમાણેની ચકાસણી પછી અમે તારવ્યું.

ત્રણેના જવાબ સાંભળી રાજા ભાવવિભોર થઈ ગયો. અને કહેવા લાગ્યો. તમારી દ્રષ્ટિ અને બુદ્ધિને ધન્યવાદ છે. પછી તો જામફળ વિશે કેવી રીતે અનુમાન કર્યું તેના વિશે પણ જાણવાની ઉત્સુકતા બતાવી. ભાઈઓએ જવાબ આપતા કહ્યું કે - માણસ પેટી લઈને આવતો હતો તેના મોઢાના હાવભાવ પરથી સ્પષ્ટ થતું હતું કે પેટીમાં વજન નથી વળી પેટી જ્યારે મુકવામાં આવી ત્યારે તેમાંથી નાની વસ્તુ ગગડવાનો અવાજ આવ્યો. તેથી નક્કી કર્યું કે વસ્તુ ગોળ હશે. વળી તે માણસ જામફળની વાડી તરફથી આવતો હતો તેથી જાણ્યું કે અંદરની ગોળ વસ્તુ તે જામફળ છે અને હજુ જામફળની સિઝન નથી તેથી નક્કી કર્યું કે તે કાચું હોવું જોઈએ. આ રીતે અમારી બુદ્ધિથી અમે તારણ રજુ કરી શક્યા.

ત્રણે ભાઈઓ દ્વારા આ વાત જાણીને રાજાના આનંદનો તો પાર ન રહ્યો. આ ત્રણે ભાઈઓને પોતાના દરબારમાં ઊંચા હોદ્દાના અધિકારી બનાવી દીધાં. ખૂબ સન્માન કર્યું.

બાળ મિત્રો ! જોયું ને, જો માણસ પાસે બુદ્ધિ હોય તો તે ક્યાંય દુઃખી થતો નથી. આપણે પણ બુદ્ધિશાળી બનવું છે ને ? તો....... સારા પુસ્તકો વાંચવા અને સ્વજનોનો એટલે કે વડીલો, માતા-પિતા, સંતપુરુષોની આજ્ઞામાં વર્તવું. સંત સમાગમ કરવો. અને તમે એ પણ જાણતા જ હશો કે જનમંગલ સ્તોત્રમાં સ્વામિનારાયણ ભગવાનના ૧૦૮ નામો છે તેમાંનું એક નામ છે - ''બુદ્ધિદાતા'' એવા ભગવાનના પૂજા-પાઠ, દર્શન, માળા, પ્રાર્થના કરવાં તો આપણામાં સદ્‌બુદ્ધિ આવે અને આલોક-પરલોકમાં આપણે

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ''કિયા કીડી કરી મેળાપ, ભેળું થાવા ભારે ભેદ છે રે, કિયા પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયા જીવ જેને બહુ કેદ છે રે'' - આ રચના બનાવનારનું નામ જણાવશો ?

પ્ર. ૨ શ્રીજી મહારાજ દરબારમાં બિરાજમાન હતા. સુરોખાચર, અલૈયોખાચર આદિ કાઠી દરબાર ભક્તજનો નદીના ધરામાં સ્નાન કરીને આવ્યા ત્યારે શ્રીજી મહારાજે શું કહ્યું ?

પ્ર. ૩ ભગવાન રાજી કેમ થાય ?

પ્ર. ૪ કોનું સન્માન સામે જઈને કરવું ?

પ્ર. ૫ શ્રીજી મહારાજે શ્રીમુખે ક્યા વચનામૃતમાં એમ કહ્યું છે જે, ''મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહ્યો છું ?

પ્ર. ૬ અખંડ સોહાણી રે તમને જે જાણશે રે, માણશે મહા સુખ મોજ અપાર.'' - આ કીર્તનની કડી પૂર્ણ કરશો ?

પ્ર. ૭ ગઢપુરમાં શ્રીજી મહારાજને કાઠી ભક્તોએ કહ્યું કે વરસાદ વિના વગડામાં મોલ સૂકાઈ જાય છે તે વરસાદ વરસાવો. પછી ભગવાન બોલ્યા કે, આ પૂંજાજી કહે તો વરસાદ વરશે.'' પણ પૂંજાજી કંઈ બોલ્યા નહી. સુરાબાપુએ પાંચ-સાત વાર કહ્યું છતાં બોલ્યા નહી. પછી સભા ઊઠી ત્યારે સુરાબાપુએ પૂછ્યું તો પૂંજાજી શું બોલ્યા ?

## માર્ચ-૨૦૧૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સ.ગુ. રામાનંદ સ્વામી સાથે. (૨) ૩૦ વર્ષ, ૯ માસ, ૧૯ દિવસ. (૩) સાત મનવંતર. (૪) મોક્ષનું. (૫) શુષ્કવેદાંતી. (૬) આ ડોસી તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ તમારું ભજન કરે છે તેને મારાથી કેમ મરાય. (૭) જળ

| | |
|---|---|
| ૧ | સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર) |
| ૨ | સાં.યો. ભારતીબા - મંજુબા (કાલુપુર) |
| ૩ | સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા) |
| ૪. | સાં.યો. કંચનબા તથા કુંવરબા (મેડા) |
| ૫ | સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર) |
| ૬ | સાં.યો. બહેનો (વાવોલ) |
| ૭ | સાં.યો. બહેનો (દરબારગઢ - મોરબી) |
| ૮ | સ્વામિનારાયણ મંદિર (હર્ષદ - બાપુનગર) |
| ૯ | પૂજારી મહેશ ભગત (સ્વા. મંદિર જીવરાજપાર્ક) |
| ૧૦ | પટેલ લાલભાઈ (ગાંધીનગર) |
| ૧૧ | સરોજબેન માધવલાલ પટેલ (મારુસણા) |
| ૧૨ | પટેલ ભારતીબેન વિષ્ણુભાઈ (ડાંગરવા) |
| ૧૩ | કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર) |
| ૧૪ | ડૉ. અરુણભાઈ દેવજીભાઈ પટેલ (રાણીપ) |
| ૧૫ | સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા) |
| ૧૬ | ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (ઘાટલોડીયા) |
| ૧૭ | રક્ષાબેન ગણપતભાઈ પટેલ (મેમનગર) |
| ૧૮ | ભાવનાબેન કરમલેશભાઈ ખંધેડીયા (મોરબી) |
| ૧૯ | શારદાબેન રાવજીભાઈ પટેલ (સાબરમતી) |
| ૨૦ | શારદાબેન હિરાભાઈ પટેલ (સાબરમતી) |
| ૨૧ | ઠક્કર રીટાબેન જયેશભાઈ (વસ્ત્રાપુર) |
| ૨૨ | મહેન્દ્રભાઈ સોમાભાઈ ભાવસાર (માણસા) |
| ૨૩ | પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ) |
| ૨૪ | ઉષાબેન, શારદાબેન (વાવોલ) |
| ૨૫ | પટેલ વસંતીબેન જયંતીલાલ (ઊંઝા) |
| ૨૬ | પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝૂલાસણ) |
| ૨૭ | જોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા) |
| ૨૮ | મીનાબેન કમલેશભાઈ પટેલ (કુહા) |
| ૨૯ | પલ્લવીબેન આર. સોની (સુરેન્દ્રનગર) |
| ૩૦ | કિરાંત શ્યામ પટેલ |
| ૩૧ | સુમિત્રાબેન એન. ભાવસાર (વિસનગર) |
| ૩૨ | પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ |
| ૩૩ | પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ |
| ૩૪ | પટેલ દિવ્યાંગ ભરતભાઈ (અમદાવાદ) |
| ૩૫ | ગોરધનભાઈ વી. સીતાપરા |
| ૩૬ | પટેલ શિવાંગી હાર્દિક (સાબરમતી) |
| ૩૭ | પટેલ કિંજલ ભરતભાઈ (સાબરમતી) |
| ૩૮ | લલીતાબેન જયંતીલાલ પટેલ (સાબરમતી) |
| ૩૯ | ચંદુભાઈ પરસોતમદાસ ભાવસાર (નવા વાડજ) |
| ૪૦ | પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ) |
| ૪૧ | દરજી સંગીતા કમલેશભાઈ (કાલુપુર) |
| ૪૨ | અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા) |
| ૪૩ | વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા) |
| ૪૪ | પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર) |
| ૪૫ | ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા) |
| ૪૬ | પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર) |
| ૪૭ | સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ) |
| ૪૮ | ડાભી મફાજી સરદારજી (ડાંગરવા) |
| ૪૯ | પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા) |
| ૫૦ | પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર) |
| ૫૧ | પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર) |
| ૫૨ | ગાબાણી વંદન એચ. (તુરખા) |
| ૫૩ | પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર) |
| ૫૪ | દ્રષ્ટિ, નિધિ, રાધિકા, ઝલકબેન જસ પટેલ (બોટાદ) |
| ૫૫ | ગાબાણી હસમુખભાઈ સવજીભાઈ (તુરખા) |

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ**

પરમકૃપાળુ સર્વ અવતારના અવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પ્રાંગણમાં હજારો સંતો ભક્તો સાથે શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ પ્રસંગે અનેકવાર ખૂબજ રંગે રમતા. અબીલ ગુલાલથી પોતાના સંતો-ભક્તોને ભીંજવી દેતા. આવા અલૌકિક ઉત્સવના દર્શન જેને જેને કર્યા તે ખૂબજ ભાગ્યશાળી બન્યા હશે. કાંઈક આવુંજ અલૌકિક સુખ શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ પ્રસંગે સૌ સંત-હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય ફુલદોલોત્સવ ઉજવાયો ત્યારે મળ્યું. સંતો-હરિભક્તો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી કેસૂડાના સુંદર નયન રમ્ય ગુલાબી, કેસરી રંગથી ઘણીવાર સુધી રંગે રમ્યા. થોડીવાર માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પણ પધારીને કેસૂડાના રંગની પિચકારીથી પોતાના આશ્રિતોને કેસૂડાના રંગથી ભીંજવી દીધા. હજારો હરિભક્તોએ મહા અલૌકિક લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું. આવા અલૌકિક ફુલદોલોત્સવના યજમાન પ.ભ. ડૉ. મનોજભાઈ બ્રહ્મભટ્ટ હ. જય એન. બ્રહ્મભટ્ટ પરિવાર રહ્યાં હતા.

પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના સંપૂર્ણ પ્રેરણા માર્ગદર્શનથી સમગ્ર સુંદર આયોજન હરિચરણ સ્વામી (કલોલ), સ.ગુ. પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળે કરીને ધર્મકુળનો અતિ રાજીપો મેળવ્યો હતો.

(કોઠારી શા. નારાયણમુનિદાસ)

**જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૯૧ મો પાટોત્સવ મહોત્સવ**

પરમકૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને નવ મહા મંદિરોનું નિર્માણ કરાવીને સ્વહસ્તે જે તે મંદિરોમાં સ્વસ્વરૂપની પ્રતિષ્ઠા કરી હતી. તેમાંના, જેતલપુર ધામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા અને માર્ગદર્શનથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી ફાગણ વદ-૮ તા. ૨૧-૩-૧૭ ના રોજ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૯૧ મો પાટોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૯-૩-૧૭ ના રવિવારે મહાવિષ્ણુયાગ અને તા. ૨૦-૩-૧૭ ના રોજ બપોરે ૩ કલાકે ઠાકોરજીના અભિષેક માટે ભવ્ય જળયાત્રા યોજાઈ. જેમાં ગામના, બહેનોએ મોટી સંખ્યામાં કળશ અને શ્રીફળ સાથે દેવસરોવરનું પ્રસાદીનું જળ લઈને મંદિર સુધી ધૂન-કીર્તન ભજન કરતા આવ્યા હતા. રાત્રે સુખદેવભાઈ ગઢવી અને સાથી કલાકારોએ સત્સંગ ડાયરો રજૂ કર્યો હતો.

તા. ૨૧-૩-૧૭ મંગળવારના પ્રાતઃ ૪-૩૦ કલાકે મંગળા આરતી, ત્યારબાદ ઠાકોરજીનું પૂજન અને શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વૈદિક મંત્રોચ્ચાર વડે પૂ. મહંત સ્વામી અને પૂજારી સંતોના હસ્તે સંપન્ન થયો. ત્યારબાદ પ્રસાદીના શ્રી રાધાકૃષ્ણદેવનો અભિષેક થયો હતો.

પ્રાસંગિક સભામાં ધામોધામના સંતોએ જેતલપુરના દેવનો મહિમા અદ્ભુત રીતે વર્ણવ્યો હતો. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીએ યજમાન પરિવાર અ.નિ. પ.ભ. ગોકળદાસ શામળદાસ પટેલ (લવારપુર)ના પુત્ર પ.ભ. કિરીટભાઈ પટેલ, પ.ભ. જય પટેલ, પ.ભ. રજનીકાંત પટેલ ને પ.ભ. જનકભાઈ પટેલનું પુષ્પહારથી સન્માન કરી આશીર્વાદ આપી રાજી થયા હતા.

૨૫૦૦૦ જેટલા શ્રધ્ધાળુ પ્રેમી હરિભક્તોએ પાટોત્સવના દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ. મહંત પુરાણી સ્વામી કે.પી. સ્વામીએ સુંદર રીતે કર્યું હતું.

(શા. ભક્તિનંદનદાસ)

**સર્વોપરીધામ છપૈયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ**

સર્વોપરી ઈષ્ટદેવ પરમ કૃપાળુ શ્રી છપૈયાધિશ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ.શા. ગુરુપ્રસાદદાસજી તથા શા.સ્વા. આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી કુહા ગામના પ.ભ. વિનયભાઈ મનુભાઈ પટેલના શુભ સંકલ્પથી સર્વોપરી છપૈયાધામ યાત્રા અને કથાનું સુંદર આયોજન સંપન્ન થયું. સંતો ભક્તો સાથે ૧૦૦૦ જેટલા હરિભક્તો જોડાયા. તા. ૧૧-૩-૧૭ થી તા. ૧૫-૩-૧૭ પર્યન્ત સ.ગુ.શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (શિકાગો)ના વક્તાપદે સ.ગુ. વાસુદેવાનંદજી વર્ણીકૃત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણનો સુંદર પ્રારંભ થયો. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર)એ શોભાવ્યું હતું. કથા પારાયણમાં આવતા પ્રસંગોમાં પોથીયાત્રા જે મંદિરમાંથી મહાઅલૌકિક નારાયણ સરોવરની પરિક્રમા ધૂન-કીર્તન સાથે કરીને હજારો સંત-હરિભક્તો સાથે સભા મંડપમાં કથા સ્થળે ધામધૂમથી આવી હતી. કથામાં રાસ ગરબા ધૂન સાથે શ્રી ઘનશ્યામ જન્મોત્સવ અને બીજા દિવસે સાંજે પૂ. શ્રીરામપ્રતાપજી મહારાજના લગ્ન સંપૂર્ણ વિધિ સાથે ધામધૂમથી ઉજવાયા હતા. ત્રીજા દિવસે ધૂળેટી હોવાથી સવારે બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક તથા અન્નકૂટ આરતી બપોરે ૧૨ કલાકે ધામધૂમથી થઈ હતી. શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ પણ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. ૪ થા દિવસે સાંજે શાકોત્સવ તથા રાસોત્સવ પણ સુંદર થયા હતા.

કથા પારાયણ પ્રસંગે ગુજરાત, કચ્છ અને દેશ વિદેશથી ઘણા જ હરિભક્તો પધાર્યા હતા. કાંકરિયા, મણીનગરની બહેનોએ સુંદર સેવા કરી હતી. ધામોધામથી અનેક સંતો પૈકી અમદાવાદ, જેતલપુર, અંજલી, નારણપુરા, બાપુનગર, સિધ્ધપુર, મકનસર, રતનપર, મૂળી અને અયોધ્યા આદિ ધામોથી સંતો પધાર્યા હતા. છપૈયા મંદિરના મહંત સ્વામી અને તેમના સ્ટાફ - કર્મચારીઓએ ખૂબજ સુંદર વ્યવસ્થા કરી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કુહા - છપૈયાધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા ૨૪ મો પાટોત્સવ**

પરમકૃપાળુશ્રી ઘનશ્યામ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી માધવપ્રસાદદાસજી તથા મહંત સ્વામી હરિજીવનદાસજીની પ્રેરણાથી તથા અ.નિ. પટેલ મંગળદાસ ઉમેદરામ તથા ગં.સ્વ. પાલીબેન મંગળદાસ પટેલ પરિવાર હ. શ્રી પ્રવિણભાઈ તથા શ્રી જગદીશભાઈ (અમદાવાદ)ના યજમાન પદે સાપાવાડા મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ - શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૪ મો પાટોત્સવ - પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો. આ પ્રસંગે પૂ. મહારાજશ્રી અને સંતોના પૂજનના યજમાન પ.ભ. મૂળજીભાઈ મોહનભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. પ્રાસંગિક સભામાં પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા કહ્યું કે નૂતન મંદિરમાં ભગવાનને બેસવાનું મુહૂર્ત અમો આપીશું. તેમ કહી રાજી થયા હતા. સભા સંચાલન હિંમતનગર મંદિરના મહંત સ્વામીએ કર્યું હતું. (કોઠારીશ્રી સાપાવાડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાચોદર અર્ધશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં કથા**

પરમકૃપાળુ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા - આશીર્વાદથી તથા ઈડર મંદિરના મહંત શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી ઈડર તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર સાચોદર ખાતે તા. ૨૨-૨-૧૭ થી તા. ૨૬-૨-૧૭ દરમ્યાન અર્ધશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચ દિનાત્મક કથા શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે થઈ હતી. ત્રિદિનાત્મક વિષ્ણુયાગ આદિ થયા હતા. આ પ્રસંગે ગાંધીનગર મંદિરથી મહંતશ્રી પી.પી. સ્વામી, બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી, પૂ. રામ સ્વામી (કોટેશ્વર) આદિ સંતોએ પ્રેરણાત્મક આશીર્વાદ આપ્યા હતા. (જયવલ્લભ સ્વામી - ઈડર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર થુરાવાસ ૩૭ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ઈડર મંદિરના મહંત શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર થુરાવાસનો ૩૭ મો પાટોત્સવ તા. ૨૯-૨-૧૭ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે મહાપૂજા-ઠાકોરજીને અન્નકૂટ આદિ થયા હતા. હરિભક્તોએ પાટોત્સવના દર્શન કરી ધન્ય બન્યા હતા.

(કોઠારીશ્રી થુરાવાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ-બાપુનગર બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને નિજ મંદિરનો ૧૨ મો પાટોત્સવ**

પરમકૃપાળુ સર્વોપરી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને અત્રેના સ.ગુ. પૂજ્ય મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ.શા.સ્વામી નિર્ગુણદાસજીના માર્ગદર્શનથી તા. ૨૮-૨-૧૭ થી તા. ૫-૩-૧૭ પર્યન્ત ઉપરોક્ત ઉત્સવ ધામધૂમથી ઉજવાયો.

એપ્રોચ મંદિર સત્સંગ સમાજના સંપૂર્ણ સહયોગથી બહેનોનું ભવ્ય મંદિર નિર્માણ થતા જે મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ, પોથીયાત્રા, શ્રી ઠાકોરજીની નગર યાત્રા, શ્રીહરિયાગ, સાંસ્કૃતિક કાર્યક્રમ, રક્તદાન શિબિર, આદિ કાર્યક્રમ તેમજ તા. ૫-૨ અને તા. ૧૨-૨ ના અનુક્રમે ૪૦૦ અને ૬૦૦ હરિભક્તોએ એપ્રોચ મંદિરથી કાલુપુર મહામંદિર શ્રી નરનારાયણદેવ પદયાત્રા અને તા. ૧૯-૨ ના ધજા પતાકા બેનર સાથે ૩૭૦ બાઈક સાથે ૭૫૦ યુવાનોએ પૂર્વ વિસ્તારમાં રેલી યોજી હતી. કથાનું પાંચેય દિવસ દિવ્ય રસપાન અત્રે મંદિરના સંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીના વક્તાપદે સંગીતની સુરાવલી સાથે થયું હતું. હજારો શ્રોતાઓ નિત્યે કથાનું શ્રવણ કરતા અલૌકિક લાભ લેતા હતા. તા. ૨-૩ ના રોજ બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપવા અને કથા શ્રવણ કરવા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ વિવિધ નાટક રજુ કર્યા હતા. સમગ્ર ઉત્સવ દરમ્યાન ધામોધામથી ૧૨૦ જેટલા બ્રહ્મનિષ્ઠ સંતો અને ૯૦ જેટલા સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા.

તા. ૫-૩-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજનો મહાભિષેક, અન્નકૂટ આરતી, કથા અને યજ્ઞની પૂર્ણાહુતિ અને નૂતન બહેનોના મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થયા હતા. છેલ્લે સભામાં સર્વેને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

મહોત્સવના મુખ્ય યજમાન ગજેરા રાજુભાઈ પરસોતમભાઈ, કથાના મુખ્ય યજમાન ગં.સ્વ. કાશીબેન અરજણભાઈ સાચાણી અને પાટોત્સવના યજમાન ધીરૂભાઈ એચ. ખોખર પરિવારે લાભ લીધો હતો. સભા સંચાલન સાધુ ધર્મકિશોરદાસજીએ શોભાવ્યું હતું. ૪૩ ભક્તજનોએ મહા કિંમતી રક્તદાન કર્યું હતું.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રા પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના છત્રછાયાના કાશીન્દ્રા ગામના ભાઈઓ અને બહેનોના મંદિરમાં બિરાજમાન સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પાટોત્સવ તા. ૨૨-૩-૧૭ ના ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પ્રથમ સવારે મહિલા મંડળના યજમાન પદે ઠાકોરજીની મહાપૂજા, ભગવાનનું પૂજન અને જેતલપુરના પૂજ્ય મહંત સ.ગુ.શા.સ્વામી આત્મપ્રકાશદાસજીના શિષ્ય મંડળ દ્વારા ઠાકોરજીનો અભિષેક થયો હતો. ત્યારબાદ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી. અંજલી મંદિર, જેતલપુર મંદિર અને મકનસર મંદિરના સંતોએ સુંદર કથા વાર્તા કરી હતી. સૌ ભક્તજનો દર્શન કરી ધન્ય બન્યા હતા. (મહંતશ્રી કે.પી. સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર ૧૭૬ મો પાટોત્સવ**

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર ધામના સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોરમાં બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૧૭૬ મો પાટોત્સવ અને બહેનોના મંદિરનો બીજો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શા.સ્વા. ભક્તિનંદનદાસજી (અંજલી)ના વક્તાપદે ત્રિદિનાત્મક પારાયણ થઈ હતી. આ પ્રસંગે ધામોધામના સંતો અને મોરબીથી સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા. તા. ૨૫-૩-૧૭ ના સવારે સંતોના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક અને બહેનોના મંદિરમાં સાંખ્યયોગી બહેનો

દ્વારા ઠાકોરજીનો અભિષેક થયો હતો. પાટોત્સવના યજમાન કા. પટેલ રજનીભાઈ (બાલાસિનોર)નું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બન્ને મંદિરમાં અન્નકૂટ આરતીના દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - બાલાસિનોર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબા ૨૨ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી તથા કોઠંબા મંદિરના સેવા પૂજા કરતા પૂ. માધવ સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબાનો ૨૨ મો પાટોત્સવ તા. ૨૬-૩-૧૭ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરના સંતો દ્વારા ઠાકોરજીનું પૂજન અર્ચન અભિષેક, સત્સંગ સભામાં જેતલપુર, નારણપુરા, ખારોલ અને લુણાવાડાના સંતોએ પ્રેરક શ્રીહરિના ચરિત્ર કહ્યા હતા. મોરબીથી સાંખ્યયોગી બહેનોએ બહેનોની સભામાં કથાનો લાભ આપેલ. પ.ભ. રસિકભાઈ મગનલાલ દરજીએ પાટોત્સવના યજમાનનો સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા. છેલ્લે અન્નકૂટ આરતીના દર્શન કરી ભક્તજનો ધન્ય ભાગી બન્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કોઠંબા)

**શ્રી નરનારાયણદેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર રડોદરા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

પરમકૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી રડોદરા (તા. બાયડ)માં કાષ્ટ કલાનું બેનમૂન હવેલી આકારનુંઅલૌકિક શ્રી સ્વામિનારાયણ મંદિર સ.ગુ. શાસ્ત્રી સ્વામી નૌતમપ્રકાશદાસજી (વડતાલવાળા પોતાના ગુરુ પાર્ષદવર્ય પૂ.શ્રી હીરા ભગતનું પૂર્વાશ્રમનું ગામ)ની પ્રેરણા-માર્ગદર્શનથી અત્રેના હરિભક્તોના સાથ સહકારથી પૂર્ણ થતા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનું સુંદર આયોજન સંપન્ન થયું. પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. શાસ્ત્રીશ્રી શ્રીજી સ્વામીએ (હાથીજણ ગુરુકુળ) શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું રસપાન કરાવ્યું હતું. ખાનદેશના નિષ્ઠાવાન હરિભક્તો દ્વારા સાતેય દિવસ અખંડ મહામંત્ર જાપ, પ્રભાત ફેરી અને સાંસ્કૃતિક કાર્યક્રમ, બ્રહ્મચોર્યાસી, સાતેય દિવસ ગામ ધૂમાડાબંધ, શ્રી નરનારાયણદેવ દેશ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશથી પધારેલા સંતોની પ્રેરક વાણીનો ગામના ભક્તોએ લાભ લીધો હતો. માગસર વદ એકમના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. અને પ્રાસંગિક સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરની સુંદર પ્રસંશા કરી નિર્માણ કરતા સંતો પર અતિ રાજી થયા હતા. (કોઠારશ્રી, રડોદરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા દશાબ્દી મહોત્સવ**

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. નાના પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ ઘાટલોડિયાના સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી તા. ૧-૩-૧૭ થી તા. ૫-૩-૧૭ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયાનો દશાબ્દી મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૯-૨-૧૭ ના રોજ શ્રી નરનારાયણદેવ દેવના દર્શને ૧૦૦ જેટલા હરિભક્તો ઘાટલોડિયા મંદિરથી કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવના દર્શને પદયાત્રા કરી હતી. મંદિરના સભા મંડપમાં ૮-૩૦ થી ૧૦-૦૦ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી.

તા. ૧-૩-૧૭ થી તા. ૫-૩-૧૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ (રાત્રીય) પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના સૂર સાથે થઈ હતી. પારાયણના યજમાન પ.ભ. અરવિંદભાઈ સોમાભાઈ પટેલ (મોખાસણ)ના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા પ્રથમ દિને સાંજે ૪-૩૦ કલાકે ધૂન ભજન કરતા કથા સ્થળે પહોંચી હતી.

તા. ૨-૩-૧૭ ના રોજ બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા.

તા. ૨-૩-૧૭ના સવારે ૮ થી ૧૧-૩૦ ધૂન અને તા. ૪-૨-૧૭ ના સમૂહ મહાપૂજા રાખવામાં આવી હતી. તા. ૫-૩-૧૭ ના રોજ પ્રાતઃ ૭-૦૦ કલાકે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક વેદવિધિસર થયો હતો. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી થતા તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ) એ સુંદર રીતે કર્યું હતું. સમગ્ર પ્રસંગ દરમ્યાન ધામોધામના અનેક સંતો મહંતો પધાર્યા હતા.

મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. નાથીબેન કાલીદાસ પટેલ પરિવારના ગાંડાભાઈ, અમરતભાઈ અને વિષ્ણુભાઈ આદિ અને કોઠારી સોમાભાઈ નરસીભાઈ પટેલ અત્રેનું ટ્રસ્ટી મંડળ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આદિ નાના મોટા સૌ ભક્તોની સુંદર સેવા સાંપડી હતી. (પ્રવિણભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગુલાબપુરા**

સર્વાવતારી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અ.નિ. પૂ. શા.સ્વા. હરિસ્વરૂપદાસજીની દિવ્ય પ્રેરણાથી તેમના સર્વે સંત-શિષ્ય મંડળના માર્ગદર્શનથી અ.નિ. નાથીબા કાલીદાસ પરિવારના ગાંડાભાઈ, અમરતભાઈ તથા વિષ્ણુભાઈ અને સમસ્ત ગામના સુંદર સહયોગથી તા. ૧૯-૨-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અલૌકિક શાકોત્સવ ઉજવાયો. પ.પૂ. મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં ધોળકા મહંત સ્વામીના શિષ્ય સત્યસંકલ્પ સ્વામી, અત્રે મંદિરના કોઠારી પ.ભ. ગાંડાભાઈ નારણદાસ પટેલ (ટ્રસ્ટીશ્રી કાલુપુર મંદિર) આદિની સેવા પ્રેરણારૂપ હતી. સભા સંચાલન અજય સ્વામીએ સંભાળ્યું હતું. દર્શન કરી પ્રસાદ લઈ સૌ ભક્તજનો રાજી થયા હતા. (યોગેશકુમાર)

**શ્રી નરનારાયણ દેવ બાળ મંડળનો જેતલપુરધામ યાત્રા પ્રવાસ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળે તા. ૧૯-૩-૧૭ રવિવાર ના રોજ જેતલપુરધામના દર્શનનું સુંદર આયોજન કર્યું હતું. આ યાત્રામાં કથાકાર શાસ્ત્રી હરિપ્રિય સ્વામી અને ચૈતન્યમુનિ સ્વામીએ સમગ્ર જેતલપુરધામની

શ્રીહરિની લીલા પ્રસંગ બાળકોને પ્રત્યક્ષ સ્થાનના દર્શન કરાવીને સંભળાવી હતી.

કોઠારી જે.કે. સ્વામી અને શા. મુનિ સ્વામીના માર્ગદર્શનથી યાત્રાનું આયોજન કર્યું હતું. તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામીએ તમામ બાળકોને સુંદર અલૌકિક પ્રસાદ જમાડી રાજી કર્યા હતા. (ગોપાલભાઈ મોદી એડવોકેટ)

**લવારપુર શ્રી સ્વામિનારાયણ મંદિર ૨૪ મો પાટોત્સવ**

પરમકૃપાળુ ઈષ્ટદેવ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી લવાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૪ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૯-૩-૧૭ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. (અત્રે ગામનું મંદિર અ.નિ. કથાકાર પૂજ્ય શા.સ્વા. દેવચરણદાજીએ બંધાવેલ અને તેમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી.)

૨૪ માં પાટોત્સવ પ્રસંગમાં સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી, મહંત શા.પી.પી. સ્વામી (ગાંધીનગર), શા. છપૈયાપ્રસાદાસજી અને મૂળીના બાલસ્વરૂપ સ્વામીએ ઠાકોરજીની આરતી કરીને સભામાં ભગવાનની લીલાની કથા સંભળાવી હતી. (હાર્દિક પટેલ લવારપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી)**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ગાંધીનગર મંદિરના મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી સમસ્ત ગામ તરફથી આગામી (૩૦ મો વાર્ષિક પાટોત્સવ) તા. ૩૦-૩-૧૭ થી તા. ૩-૪-૧૭ દરમ્યાન આયોજનના ઉપલક્ષમાં તા. ૧૩-૩-૧૭ નારોજ મહંત શા.પી.પી. સ્વામી (ગાંધીનગર), પૂ. દેવ સ્વામી (માણેકપુર) તથા બાલુ સ્વામી (મૂળી) આદિ સંતો અને ગામના સર્વે હરિભક્તોએ ઉત્સવના ઉપક્રમે વિજય સ્થંભનું સ્થાપન કર્યું હતું. ત્યારબાદ સંતોએ કથા વાર્તા કરી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણેકપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દેઉસણા ૪૩ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા ગવૈયા સ્વામી હરિપ્રસાદદાસજી (કિલાપારડી)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર દેઉસણાનો ૪૩ મો પાટોત્સવ ફાગણ વદ ત્રીજને તા. ૧૫-૩-૧૭ ના રોજ સંતો દ્વારા વિધિવત રીતે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ, સભા, કીર્તન ધૂન આદિ કરી ઉજવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર (સે-૨) મહંત શા.પી.પી. સ્વામીની (નાના) પ્રેરણા - માર્ગદર્શનથી પ.ભ. અમૃતભાઈ ગોવિંદલાલ મગનલાલ પરિવારની સેવા તેમજ પટેલ નટવરભાઈ જી. પટેલ, રમેશભાઈ અને જયંતીભાઈ પટેલ આદિએ પણ સુંદર લાભ લીધો હતો. અમદાવાદથી પૂ. મહંત સ્વામી તેમજ ગાંધીનગર અને નારણઘાટથી સંતો પધાર્યા હતા.

(કોઠારીશ્રી દેઉસણા)

**ટોરડા ધામે કાંકરિયા રામબાગથી પધારેલા ભક્તો દ્વારા હનુમાન ચાલીસા સભા**

પરમકૃપાળુ સર્વોપરી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂ.અ.મુ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના ટોરડા ગામે કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરના હરિભક્તો જે છેલ્લા ૧૬ વર્ષથી દર શનિવારના જુદા જુદા હરિભક્તોને ઘરે શ્રી હનુમાન ચાલીસા પાઠ કરીને સૌને સુંદર લાભ આપે છે.

તા. ૨૫-૩-૧૭ ના રોજ શનિવારના કાંકરિયા હનુમાન ચાલીસા મંડળ દ્વારા ટોરડા આપણા મંદિરમાં શ્રી ગોપાલ લાલજી હરિકૃષ્ણ મહારાજ અને શ્રી હનુમાનજી સમક્ષ ૧૫ વખત શ્રી હનુમાન ચાલીસાના પાઠ કરી સ.ગુ. ગોપાળાનંદ સ્વામી અને દાદાનો રાજીપો મેળવ્યો હતો.

અત્રેના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદદાસજીએ સૌ હરિભક્તોની સુંદર સરભરા કરી હતી. દાદાના પાઠ કરતા સમયે ઘણાને શ્રી હનુમાનજી મહારાજના પ્રત્યક્ષ પણાના દર્શન પણ થયા છે.

(નટુભાઈ પટેલ ગામડીવાળા)

**માણેકપુર (પટેલનું) ગામે કથા પારાયણ**

સર્વોપરી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. લાલજીમહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. ગુરુપ્રસાદદદાસજી તથા સ.ગુ.શા.સ્વા. આનંદપ્રસાદદદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (પટેલ વાસ)માં શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, શ્રીજી મહિલા મંડળ તથા સર્વે હરિભક્તોના સાથ સહકારથી વિદુરનીતિ સપ્તાહ પારાયણ શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (શિકાગો)ના વક્તાપદે થઈ હતી. સાથે સાથે શાકોત્સવ આદિ થયા હતા. સભા સંચાલન શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ) એ સુંદર રીતે સંભાળ્યું હતું. સ્વા. મુક્તસ્વરૂપદાસજીએ સુંદર માર્ગ દર્શન પુરુ પાડ્યું હતું.

બહેનોના આમંત્રણને માન આપી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને સૌ હરિભક્ત બહેનોને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. તા. ૧૯-૨-૧૭ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી શાકોત્સવનો અલૌકિક વધાર કરી સર્વે ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમૂહ મહાપૂજાનું પણ આયોજન કર્યું હતું. જેમાં ઘણા હરિભક્તોએ મહાપૂજામાં બેસી લાભ લીધો હતો. ધામોધામથી ઘણા સંતો પધાર્યા હતા. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી અને મુક્તસ્વરૂપ સ્વામીની પ્રેરણાથી ગામના તમામ ભક્તોએ સાતેય દિવસ પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરી હતી. ગામના તમામ ભક્તોએ પ્રેરણારૂપ સેવા કરી હતી. (શ્રીનરનારાયણદેવ યુવક મંડળ માણેકપુર)

**ન્યુ રાણીપ (નવનિર્મિત) શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રથમ રંગોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૨-૩-૧૭ ના રોજ નવનિર્મિત ન્યુ રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સવારે ૯ થી ૯-૩૦ દરમ્યાન ધૂળેટીના દિને ભવ્ય રંગોત્સવ ઉજવાયો. હરિભક્તોએ સમૂહમાં કીર્તન ભક્તિ કરી હતી. નારણઘાટ મંદિરના શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી તથા કાલુપુરથી નિલકંઠ સ્વામીએ પધારી શ્રીનરનારાયણદેવ પાદુર્ભાવની કથા અને ધૂળેટીનો મહિમા કહ્યો હતો. ૨૦૦ જેટલા ભાવિક ભક્તોએ રંગોત્સવનો આનંદ માણ્યો હતો.

(બ્રિજેશ પટેલ શ્રી ન.ના.દેવ યુવક મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા ૩૩ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ.

આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી શા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી તા. ૪-૩-૧૭ ના રોજ ટાંકીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૩૩ મો પાટોત્સવ શા.સ્વા. માધવદાસજી આદિ સંતોએ મળી ઉજવ્યો હતો. ઠાકોરજીની અન્નકૂટ આરતીના દર્શન ઘણા ભક્તોએ કર્યા હતા. આ પ્રસંગે ભોજન પ્રસાદના યજમાન મગનજી અમથાજી ચૌહાણ પરિવાર રહ્યા હતા. સમગ્ર આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને કોઠારી મહેન્દ્રસિંહે કર્યું હતું. (માધવ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી ૩૦ મો પાટોત્સવ**

પરમકૃપાળુ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી અત્રે મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૩૦ મો પાટોત્સવ પ.ભ. ચેતનભાઈ મુકેશભાઈ ઠક્કર તથા પ.ભ. મુકેશભાઈ ચુનીલાલ ઠક્કરના યજમાન પદે ઉજવાયો. જેતલપુરના સંતો દ્વારા ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી થઈ હતી. સંતોની અમૃતવાણી દેવદર્શન કરી પ્રસાદ લઈ હરિભક્તો ધન્ય બન્યા હતા.

(ઠક્કર ઘનશ્યામભાઈ રતિલાલ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મોરબી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો**

આપણા શ્રીનરનારાયણ દેવ તાબાનાં મુળી પ્રદેશ શ્રી રાધાકૃષ્ણદેવની છત્રછાયામાં ઔધોગિક નગરી મોરબી શહેરને આંગણે આપણા શિખરબધ્ધ શ્રીસ્વામિનારાયણ મંદિર (સરદારબાગ-શનાળા રોડ) નો દિવ્ય ભવ્ય દશાબ્દી મહામહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનાં રૂડા શુભાશીર્વાદ સહ આજ્ઞાથી અત્રે મંદિરનાં મહંત શા. સ્વામી શ્રી ભકિતનંદનદાસજી અને શા. વિશ્વવિહારીદાસજી સ્વામીનાં માર્ગદર્શન મુજબ તા. ૧૧ થી ૧૭, ૨૦૧૭ ફેબ્રુઆરી પર્યન્ત ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

મહોત્સવનાં પ્રથમ દિવસે જ કથાનાં મુખ્ય યજમાન પરિવાર પ.ભ.શ્રી શાંતિલાલ ભગત (બરવાળાવાળા) નાં ઘેરથી પોથીયાત્રા ખૂબ જ ધામધૂમ પૂર્વક શણગારેલ ટ્રેકટરો દ્વારા મુળી, અમદાવાદ , વડતાલ, ભૂજ, જૂનાગઢ, ગઢપુર આદિ સંતોની ઉપસ્થિતિમાં ખૂબ જ ધામધૂમ પૂર્વક મોરબી શહેરનાં રાજમાર્ગો પર ડી.જે. પાર્ટીનાં તાલ સાથે ગામોગામનાં અને મોરબી શહેરનાં તમામ હરિભકતોની હાજરીથી યુવાનોએ રાસ ઉત્સવથી પોથીયાત્રા ખૂબ સફળ બનાવી હતી.જેમાં અંદાજે પાંચેક હજાર જેટલા ભાઈઓ બહેનોએ જોડાઈને આ મહોત્સવની ભવ્યતા અને દિવ્યતાનાં દર્શન કરાવ્યા હતા.

